પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ  વર્ષ : ૩૦  અંક : ૧૬  કુલ પાના : ૪  તારીખ : ૦૯-૦૯-૨૦૨૬ બુધવાર  કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER:KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# વડોદરામાં PM મોદીની ધમાકેદાર એન્ટ્રી, રેમ્પ વોક ને GEN-Z સાથે કનેક્ટ

### ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર ઝડપથી વિકાસશીલ ભારતની જીવાદોરી છે.






વડોદરા

ગુજરાતના વડોદરામાં પીએમ મોદીનો મેગા શો થયો છે. પીએમ મોદીને સાંભળવા માટે હજારો લોકો એકઠા થયા છે. પીએમ મોદી અહીં જનરલ-ઝેડ સાથે વાતચીત કરી જ્યાં પીએમ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરામાં આયોજિત કાર્યક્રમમાં રૂ. ૩૫,૦૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો.

પીએમ મોદીએ કહ્યું, "થોડા સમય પહેલા, દેશના વિકાસ સાથે જોડાયેલા હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન અહીં થયું હતું. આ વિકાસ પર્વ દરમિયાન તમે બધાએ જે સેવાની ભાવના સાથે સમગ્ર વડોદરામાં સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું છે તેના માટે હું વડોદરાના દરેક નાગરિકને હૃદયપૂર્વક અભિનંદન અને પ્રશંસા કરું છું."

પીએમએ કહ્યું, "હું વિકસિત ભારત તરફની સફરને વધુ વેગ આપવા આવ્યો છું. હું ગઈકાલે એક વીડિયો જોઈ રહ્યો હતો અને મારું હૃદય ગર્વથી ફૂલી ગયું, 'વાહ, આ મારું વડોદરા છે.'" પીએમ મોદીએ કહ્યું, "મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનું આ મેદાન, વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા બધા સાથીદારોના સમર્થન અને વિકાસની આ ઉજવણી, બધું અહીં એકસાથે થઈ રહ્યું છે."પીએમ મોદીએ કહ્યું કે ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર ઝડપથી વિકાસશીલ ભારતની જીવાદોરી છે. તેણે ભારતના પરિવહન ક્ષેત્રને બદલી નાખ્યું છે. પહેલાં, માલગાડીઓ પેસેન્જર ટ્રેનો જેવા જ પાટા પર દોડતી હતી. આનો અર્થ એ થયો કે મુસાફરી અને પરિવહન બંને ધીમા હતા, પરંતુ ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરે પરિસ્થિતિ બદલી નાખી છે. આજે, પૂર્વીય અને પશ્ચિમી ફ્રેટ કોરિડોર પર દરરોજ ૪૩૦ થી વધુ માલગાડીઓ દોડે છે. અને એક માલગાડી જે ૬.૩૦ કલાકમાં ૧૦૦ કિમીની મુસાફરી કરતી હતી તે હવે અડધાથી પણ ઓછા સમયમાં તે જ અંતર કાપે છે.

પીએમ મોદીએ કહ્યું કે વડોદરા ગતિશક્તિ યુનિવર્સિટીનું શહેર છે. આજે, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરની અંતિમ કડીઓ જોડાયેલી છે. ૨,૮૦૦ કિમીથી વધુનો ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર પ્રોજેક્ટ પૂર્ણ થયો છે. આ ૨૧મી સદીના ભારત માટે એક ઐતિહાસિક સીમાચિહ્ન છે.પીએમ મોદીએ કહ્યું, "આ વર્ષે, લાલ કિલ્લા પરથી, મેં વિકસિત ભારત માટે સંકલ્પના સાત પ્રવાહો માટે હાકલ કરી. આ પ્રવાહોમાંથી એક ગતિશીલ ઊર્જા છે. વિકસિત ભારત માટે, આપણને એવી કનેક્ટિવિટીની જરૂર છે જે સુલભ અને સમય કરતાં થોડી ઝડપી હોય."

પીએમ મોદીએ કહ્યું કે આ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર એ વાતનો પુરાવો છે કે છેલ્લા ૧૨ વર્ષોમાં દેશની કાર્ય સંસ્કૃતિ કેવી રીતે બદલાઈ ગઈ છે. આ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનો વિચાર ૨૦૦૪ માં શરૂ થયો હતો. ૨૦૦૬ માં, આ કાર્યને સંભાળવા માટે એક ખાસ કંપનીની રચના કરવામાં આવી હતી, અને ૨૦૧૪ સુધી, ફાઈલો એક જગ્યાએથી બીજી જગ્યાએ પસાર થતી રહી. કમનસીબે, આ ફાઈલોને પણ ડેડિકેટેડ કોરિડોર મળ્યો ન હતો. તે અટવાઈ જતી હતી, લંબાતી રહેતી હતી અને ભટકતી રહેતી હતી.

પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૪ પછી, તમારા આશીર્વાદથી, હું દિલ્હી પહોંચ્યો અને તરત જ આ પ્રક્રિયાને વેગ આપવાનું શરૂ કર્યું. આજે, ૨,૮૦૦ કિમીનો ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પૂર્ણ થયો છે. અને આજે, પૂર્વીય અને પશ્ચિમી ફ્રેઈટ કોરિડોર દેશના વેપાર અને વ્યવસાયનો મુખ્ય આધાર બની રહ્યા છે.પીએમ મોદીએ કહ્યું, "ફ્રેઈટ કોરિડોરથી ખેડૂતોને ખૂબ ફાયદો થયો છે. આ ફ્રેઈટ કોરિડોર બીજા કારણોસર અદ્ભુત છે. તાજેતરમાં, મુંબઈના જેએનપીટી પોર્ટથી વડોદરા સુધી ડબલ-સ્ટેક કન્ટેનર ફ્રેઈટ ટ્રેન ચલાવવામાં આવી હતી. આ ફ્રેઈટ ટ્રેન એક જ વારમાં મુંબઈથી વડોદરા સુધી ૨૫૦ થી વધુ ટ્રક જેટલો માલ લઈ જતી હતી. હવે, આ ગુસ્સે ભરાયેલા કાકા રડશે, "ટ્રકર્સનું શું થશે? ટ્રકો ક્યાં જશે? "તેમનું શું થશે?" હવે, આ કાકાને કામ મળી ગયું છે.

પીએમ મોદીએ કહ્યું કે ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર ઝડપથી વિકાસશીલ ભારતની જીવનરેખા છે. તેણે ભારતના પરિવહન ક્ષેત્રને બદલી નાખ્યું છે. પહેલાં, માલગાડીઓ પેસેન્જર ટ્રેનો જેવા જ પાટા પર દોડતી હતી. આનો અર્થ એ થયો કે મુસાફરી અને પરિવહન બંને ધીમા હતા. પરંતુ ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરે પરિસ્થિતિ બદલી નાખી છે. આજે, પૂર્વીય અને પશ્ચિમી ફ્રેટ કોરિડોર પર દરરોજ ૪૩૦ થી વધુ વાહનોનું પરિવહન થાય છે. ફ્રેટ ટ્રેનો દોડી રહી છે. અને એક ફ્રેટ ટ્રેન જે ૬.૩૦ કલાકમાં ૧૦૦ કિમીની મુસાફરી કરતી હતી તે હવે તે જ ૧૦૦ કિમીની મુસાફરી અડધાથી ઓછા સમયમાં કરે છે.પીએમ મોદીએ કહ્યું, "મેં રાષ્ટ્ર સમક્ષ રજૂ કરેલા વિકસિત ભારતના સાત પ્રવાહોમાં, ઉત્પાદન એક પ્રવાહ છે, અને વડોદરા શહેર તેની શક્તિને સારી રીતે જાણે છે અને સમજે છે. ૧૫૦ વર્ષથી, વડોદરા શિક્ષણ, કૌશલ્ય અને ઉદ્યોગ કેવી રીતે સહયોગ કરે છે તેનું પ્રતિબિંબ રહ્યું છે. હવે, આ શહેર દેશના પ્રથમ 'મેડ ઈન ઈન્ડિયા' લશ્કરી પરિવહન વિમાન માટે પણ જાણીતું છે. ઝ-૨૯૫ ની પ્રથમ ઉડાન અહીં પ્રકાશે આકાશ જોયું છે. આ સન્માન પ્રાપ્ત કરવા બદલ હું વડોદરાના લોકોને હૃદયપૂર્વક અભિનંદન આપું છું."પીએમ મોદીએ કહ્યું, "ફ્રેઈટ કોરિડોરની સાથે, ભારતમાં રેલ્વે હવે એવા સ્થળોએ પહોંચી રહી છે જ્યાં તે દાયકાઓથી પહોંચી શકી ન હતી. ગુજરાત હોય, મધ્યપ્રદેશ હોય, મહારાષ્ટ્ર હોય, અહીંના આદિવાસી વિસ્તારોને પણ આ પ્રોજેક્ટ દ્વારા રેલ સાથે જોડવામાં આવી રહ્યા છે. પાછલી સરકારમાં, બજેટમાં ફક્ત એક કે બે ટ્રેનોની જાહેરાત કરવામાં આવી હતી અને તે આખા વર્ષ દરમિયાન બૂમ પાડવામાં આવતી હતી, જ્યારે આજે, દેશભરમાં વર્ષ-દર-વર્ષ નવી ટ્રેનો શરૂ કરવામાં આવી રહી છે. આજે પણ, આ કાર્યક્રમ હેઠળ ઘણી નવી ટ્રેનો શરૂ કરવામાં આવી છે."

# ગુજરાતમાં દવા પણ નકલી મળે છે, બીપીની દવાના નામે દર્દીઓને ચૂનો ખવડાવ્યો



અમદાવાદ

બીપીની દવા સમજીને છેલ્લા કેટલાક મહિનાથી દર્દીઓ જે ગોળીઓ લઈ રહ્યા હતા તે દવા જ ન હોવાનું સામે આવતાં દવા બજારમાં ખળભળાટ મચી ગયો છે. શરૂઆતમાં જે.પી. કેમિકલ કંપનીને તેમની બ્લડ પ્રેશરની દવા નકલી હોવાની ફરિયાદ મળી હતી. કંપનીએ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરતાં તપાસ શરૂ કરાઈ હતી. તપાસ દરમિયાન અમદાવાદ સહિત ગુજરાતનાં અલગ અલગ શહેરોમાં આ નકલી દવાનો જથ્થો પહોંચ્યો હોવાનું સામે આવ્યું હતું, જોકે તપાસ આગળ વધતાં સમગ્ર રેકેટનું સૌથી ચોંકાવનારું પાસું બહાર આવ્યું છે. દર્દીઓને બીપીની દવાના નામે જે ગોળીઓ આપવામાં આવતી હતી તેમાં અસરકારક દવાના બદલે ચૂનો હોવાની વિગતો સામે આવી છે એટલે કે બીપી કંટ્રોલ કરવાની આશાએ દવા ખાનારા દર્દીઓને ચૂનો ખવડાવવામાં આવતો હતો. હવે ક્રાઈમ બ્રાંચની તપાસ ઉત્તરાખંડથી આગળ વધીને હિમાચલ પ્રદેશ સુધી પહોંચી છે.જે.પી. કેમિકલ કંપનીને તેમની બ્લડ પ્રેશરની દવા નકલી હોવાની ફરિયાદ મળ્યા બાદ કંપનીએ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરી હતી. ત્યાર બાદ વિભાગે દવાની સપ્લાય ચેઈન અંગે તપાસ શરૂ કરી હતી. આ તપાસમાં અમદાવાદના પાર્શ્વ મેડિકલ સ્ટોર મારફતે આ દવાનો જથ્થો શહેરના આશરે ૧૧ મેડિકલ સ્ટોરમાં પહોંચાડવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું. ત્યાર બાદ પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. શહેરના અલગ અલગ મેડિકલ સ્ટોર અને સ્થળોએ તપાસ કરીને આશરે ૧૨૦૦ જેટલી નકલી દવાની સ્ટ્રીપમાં કબજે કરવામાં આવી હતી. શરૂઆતમાં આ સમગ્ર મામલો નકલી દવા વેચવાના કૌભાંડ તરીકે સામે આવ્યો હતો, પરંતુ દવાની અંદરની ગોળીઓની તપાસ થતાં કેસ વધુ ગંભીર બન્યો હતો. તપાસમાં સામે આવ્યું કે દર્દીઓને બીપીની દવા આપવાના નામે જે ગોળીઓ વેચવામાં આવતી હતી તેમાં દવાના બદલે ચૂનો હોવાની હકીકત સામે આવી છે, જેના કારણે આ માત્ર છેતરપિંડી નહીં, પરંતુ દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાંનો મામલો બની ગયો છે.તપાસમાં લખનૌના દેવેન્દ્ર યાદવ અને ઉમંગ રસ્તોગી નામના શખ્સોએ ગુજરાતમાં નકલી દવાનો જથ્થો મોકલ્યો હોવાનું સામે આવ્યું છે. અમદાવાદના પાર્શ્વ મેડિકલ સ્ટોરના દર્શિલ સંઘવીને દવા નકલી હોવાની જાણ હોવા છતાં ૧૮ ટકા કમિશનની લાલચમાં આ જથ્થો ખરીદ્યો હોવાનો આરોપ છે. દર્શિલે આ નકલી દવાનો જથ્થો શહેરના અલગ અલગ આશરે ૧૧ મેડિકલ સ્ટોરમાં સપ્લાય કર્યો હતો. આ રીતે નકલી દવા મેડિકલ સ્ટોર મારફતે સીધી દર્દીઓ સુધી પહોંચી હતી. છેલ્લા ચાર મહિનાથી આ નકલી દવા બજારમાં વેચાઈ રહી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.આરોપીઓ એક સ્ટ્રીપ ૧૧૨.૯૦ રૂપિયામાં વેચતા હતા. એક સ્ટ્રિપમાં ૧૦ ગોળીઓ આવતી હતી. બહારથી જોતાં આ ગોળી સામાન્ય બીપીની દવા જેવી જ લાગતી હોવાથી દર્દીઓ કે સામાન્ય ગ્રાહકો માટે તે નકલી છે કે અસલી તે ઓળખવું મુશ્કેલ હતું, પરંતુ હવે તપાસમાં દવાની અંદર બીપી નિયંત્રણ માટે જરૂરી દવાના બદલે ચૂનો હોવાની વિગતો સામે આવતાં મામલો વધુ ગંભીર બન્યો છે.નકલી દવાનો જથ્થો માત્ર અમદાવાદમાં જ વેચાયો નહોતો. તપાસમાં સુરત, ભાવનગર, નડિયાદ અને ભૂજ સુધી પણ આ જથ્થો પહોંચ્યો હોવાનું સામે આવ્યું છે એટલે આ સમગ્ર રેકેટનું નેટવર્ક કેટલું મોટું છે અને કુલ કેટલા મેડિકલ સ્ટોર સુધી દવા પહોંચી હતી તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. અનેક લોકોએ આ દવાનું સેવન કરી લીધું હોવાની વિગતો સામે આવી હોવાથી હવે પોલીસ એ પણ તપાસી રહી છે કે નકલી દવા લીધા બાદ કોઈ દર્દીને આરોગ્યલક્ષી તકલીફ થઈ હતી કે નહીં.

તપાસ દરમિયાન નકલી દવાનો મૂળ જથ્થો ઉત્તરાખંડથી આવ્યો હોવાનું સામે આવ્યું છે, જોકે ઉત્તરાખંડમાં દવા ક્યાં બનાવવામાં આવતી હતી અને તેમાં ગોળીઓ કોણ તૈયાર કરતું હતું તથા ગોળીઓમાં ચૂનો ભરવાની સમગ્ર પ્રક્રિયા ક્યાં થતી હતી તે હજુ તપાસ માટે મહત્ત્વનો મુદ્દો છે. નકલી દવા તૈયાર થયા બાદ તેનું પેકિંગ કેવી રીતે કરવામાં આવતું હતું અને અસલી દવા જેવી દેખાતી સ્ટ્રિપ તૈયાર કરીને ગુજરાત સુધી કેવી રીતે પહોંચાડવામાં આવતી હતી તેની કડી પણ મેળવવામાં આવી રહી છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા મેડિકલ સ્ટોર અને દવાઓની નિયમિત તપાસ કરવામાં આવતી હોવા છતાં આટલી મોટી સંખ્યામાં નકલી દવા બજારમાં વેચાઈ ગઈ હતી. આશરે ૧૨૦૦ સ્ટ્રિપ કબજે કરાઈ છે, જ્યારે અલગ અલગ શહેરોમાં પણ તેનો જથ્થો પહોંચ્યો હોવાનું સામે આવ્યું છે. હવે સૌથી મોટો સવાલ એ છે કે નકલી દવાની કેટલી સ્ટ્રિપ તૈયાર કરવામાં આવી હતી, કેટલા દર્દીઓ સુધી પહોંચી અને કેટલા દર્દીઓએ બીપીની દવા સમજીને તેમાં રહેલો ચૂનો ખાધો?

# આજે વહેલી સવારે અરુણાચલ પ્રદેશમાં ભૂકંપના આંચકા અનુભવાયા



ઈટાનગર

મંગળવારે સવારે અરુણાચલ પ્રદેશના બિચોમ વિસ્તારમાં હળવા આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૯ હતી. ભૂકંપ સવારે ૫:૪૪ વાગ્યે આવ્યો હતો.એનસીએસ અનુસાર, ભૂકંપનું કેન્દ્ર ૨૭.૫૪૦ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૯૨.૮૧૭ ડિગ્રી પૂર્વ રેખાંશ પર સ્થિત હતું. તેની ઊંડાઈ લગભગ ૧૦ કિલોમીટર ભૂગર્ભમાં હતી. તેના ભૌગોલિક સ્થાનના આધારે, તેનું કેન્દ્ર તવાંગની આસપાસના વિસ્તારમાં હોવાનું જાણવા મળે છે.આ પહેલાં, સોમવારે વહેલી સવારે અફઘાનિસ્તાનમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૧ માપવામાં આવી હતી. ભૂકંપ સવારે ૫:૩૬ વાગ્યે આવ્યો હતો. તેની ઊંડાઈ લગભગ ૧૩૦ કિલોમીટર ભૂગર્ભમાં હતી. આ ઊંડા ભૂકંપના આંચકા ઘણા વિસ્તારોમાં અનુભવાઈ શકે છે.

આ પહેલાં, ગુરુવારે બપોરે તિબેટમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૦ માપવામાં આવી હતી. ભૂકંપ બપોરે ૧:૪૬ વાગ્યે આવ્યો હતો.એનસીએસ અનુસાર, તેનું કેન્દ્ર જમીનથી આશરે ૧૪ કિલોમીટર નીચે હતું. ભૂકંપનું કેન્દ્ર ૩૧.૪૭૯ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૮૦.૩૭૦ ડિગ્રી પૂર્વ રેખાંશ પર નોંધાયું હતું. જાનહાનિ કે સંપત્તિને નુકસાનના કોઈ અહેવાલ નથી.

# રિક્ષા ચાલકોની હડતાળ એએમટીએસ બીઆરટીએસને 'ફળી', મુસાફરો વધતાં જ એક જ દિવસમાં તિજોરી છલકાઈ




અમદાવાદ

અમદાવાદ શહેરમાં રિક્ષા ચાલકોની અચાનક હડતાળને કારણે સામાન્ય નાગરિકોને મુસાફરીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ આ સ્થિતિ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાઓ માટે આર્થિક રીતે અત્યંત ફાયદાકારક સાબિત થઈ હતી. રિક્ષાઓ બંધ રહેવાના કારણે શહેરીજનોએ જાહેર પરિવહન પર વધુ નિર્ભર રહેવું પડ્યું હતું, જેના સીધા પરિણામે બીઆરટીએસ અને એએમટીએસ બસ સેવાઓની મુસાફર સંખ્યા અને દૈનિક આવકમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો હતો.સામાન્ય દિવસો દરમિયાન એએમટીએસ બસ સેવા દ્વારા અંદાજે ૦૬ લાખ જેટલા મુસાફરો મુસાફરી કરતા હોય છે, જેનાથી દૈનિક સરેરાશ ૩૦ લાખ રૂપિયાની આવક થતી હોય છે. પરંતુ ૭ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી રિક્ષા ચાલકોની હડતાળના દિવસે આંકડાઓમાં મોટો ફેરફાર નોંધાયો હતો. તે દિવસે એએમટીએસ બસમાં મુસાફરી કરનાર પ્રવાસીઓની સંખ્યા વધીને ૭ લાખ કરતા પણ વધુ પહોંચી ગઈ હતી, જેના પરિણામે એક જ દિવસમાં ૪૭ લાખ રૂપિયાથી વધુની માતબર આવક થવા પામી હતી.એએમટીએસની સાથે-સાથે બીઆરટીએસ બસ સેવાને પણ રિક્ષા હડતાળનો ભરપૂર લાભ મળ્યો હતો. સામાન્ય દિવસોમાં બીઆરટીએસમાં સરેરાશ ૦૧ લાખ મુસાફરો નોંધાતા હોય છે અને તેના દ્વારા લગભગ ૧૩ લાખ રૂપિયાની દૈનિક આવક થતી હોય છે. જ્યારે ૦૭ સપ્ટેમ્બરના હડતાળના દિવસે મુસાફરોની સંખ્યા વધીને ૧.૫ લાખ સુધી પહોંચી ગઈ હતી, જેના લીધે બીઆરટીએસની દૈનિક આવક વધીને સીધી ૨૦ લાખ રૂપિયા થઈ ગઈ હતી.રિક્ષા ચાલકોની હડતાળને કારણે રેલવે સ્ટેશને આવતા-જતા મુસાફરો અટવાઈ ન જાય તે માટે તંત્ર દ્વારા ખાસ કાળજી રાખવામાં આવી હતી. કાલુપુર અને સાબરમતી જેવા વ્યસ્ત રેલવે સ્ટેશનો પર મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને એએમટીએસ દ્વારા મોડી રાત્રે પણ વધારાની ખાસ બસો દોડાવવામાં આવી હતી, જેથી મોડી રાત્રે ટ્રેન દ્વારા શહેરમાં આવતા લોકોને ઘર સુધી પહોંચવામાં કોઈ અગવડ ન પડે.

**જોઈએ છે.**

**ધી મોરવા (હડફ) તાલુકા પ્રાથમિક શિક્ષક સહકારી ધિરાણ મંડળી લિ., મોરવા (હડફ) ખાતે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નીચે જણાવેલ જગ્યા માટે અરજીઓ મંગાવવામાં આવે છે.**

**જગ્યાનું નામ : કલાર્ક**

જગ્યાઓની સંખ્યાઃ ૧ (એક) ,લાયકાતઃ ગ્રેજ્યુએટ (સ્નાતક)
અનુભવઃ સહકારી ક્ષેત્ર મંડળીનો ૩ વર્ષનો અનુભવ
વયમર્યાદાઃ ૧૮ થી ૩૩ વર્ષ (સરકારના નિયમ મુજબ ૫ વર્ષની છૂટછાટ)
કોમ્પ્યુટર : કમ્પ્યુટરનું જ્ઞાન અને અનુભવ ધરાવનારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

**શરતો અને માહિતીઃ**

૧. ઉમેદવારે પોતાના તમામ અસલ પ્રમાણપત્રોની એટેસ્ટેડ નકલો સામેલ રાખીને સ્વહસ્તાક્ષરે અરજી કરવાની રહેશે.
૨. સદર અરજી RPAD થી તારીખ ૧૨/૦૯/૨૦૨૬ સુધીમાં મંડળીના સરનામે મળી જાય તે રીતે મોકલવાની રહેશે. મુદ્દત વીત્યા પછી કે અધૂરી વિગતો વાળી અરજીઓ ધ્યાને લેવાશે નહીં.

**અરજી મોકલવાનું સરનામુંઃ**

શ્રી ચેરમેનશ્રી / મંત્રીશ્રી,
ધી મોરવા (હડફ) તાલુકા પ્રાથમિક શિક્ષક સહકારી ધિરાણ મંડળી લિ., ગુરુકૃપા કોમ્પ્લેક્ષ તા. મોરવા (હડફ), જી. પંચમહાલ.

# કૃષ્ણ અને બલરામનું સૌથી જૂનું ચિત્ર ભારતમાં નહીં પણ અફઘાનિસ્તાનમાં મળી આવ્યું

નવીદિલ્હી

ભગવાન કૃષ્ણ અને બલરામની સૌથી જૂની છબીઓમાંથી એક ભારતના કોઈ મંદિરમાં નહીં, પરંતુ હજારો માઈલ દૂર અફઘાનિસ્તાનની ખીણોમાં, એક વિદેશી ગ્રીક રાજાના સિક્કાઓ પર મળી આવી હતી, તો શું તમે તેના પર વિશ્વાસ કરશો? તે ફિલ્મની વાર્તા જેવું લાગે છે, પરંતુ તે એક જીવંત, ઐતિહાસિક હકીકત છે જેણે વિશ્વભરના ઈતિહાસકારો અને પુરાતત્વવિદોને આશ્ચર્યચકિત કર્યા છે. આજે, અમે તમને ૨,૨૦૦ વર્ષ પાછળ લઈ જઈએ છીએ જ્યારે ગ્રીક અને ભારતીય સંસ્કૃતિઓ મળતી હતી, જેનો પુરાવો આજે પણ આ દુર્લભ ચાંદીના સિક્કાઓ દ્વારા મળે છે.

આ વાર્તા લગભગ ૧૮૦ બીસીઈની છે. મધ્ય એશિયામાં બેક્ટ્રિયા (જેમાં આજે અફઘાનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તાજિકિસ્તાનનો સમાવેશ થાય છે) પૂર્વ અને પશ્ચિમ વચ્ચે વેપાર અને વિચારોનો મુખ્ય ક્રોસરોડ હતો. રાજા અગાથોકલ્સે ત્યાં શાસન કર્યું.

જ્યારે પુરાતત્વવિદોએ અફઘાનિસ્તાનમાં આઈ-ખાનૌમનું ખોદકામ કર્યું, ત્યારે તેઓએ જમીનમાંથી ચોરસ ચાંદીના સિક્કા શોધી કાઢ્યા. જ્યારે ઈતિહાસકારોએ આ સિક્કાઓને સાફ કર્યા અને બારીકાઈથી તપાસ્યા, ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા.

હલધર બલરામઃ સિક્કાની એક બાજુ, એક દૈવી આકૃતિ કોતરેલી હતી, જેના ડાબા હાથમાં હળ અને જમણી બાજુમાં એક મુસળ હતો. આ બીજું કોઈ નહીં પણ આપણા હલધર બલરામ હતા.

બીજી બાજુ, ચક્રધારી કૃષ્ણઃ સિક્કાના ઉલટાવાથી ભગવાન વાસુદેવ કૃષ્ણ પોતે છ-મોચાવાળું સુદર્શન ચક્ર ધરાવે છે તે દેખાય છે.

દેવી સુભદ્રાની હાજરીઃ એટલું જ નહીં, કેટલાક સિક્કાઓ તેમની બહેન, દેવી સુભદ્રાને પણ દર્શાવે છે, જે આજે પુરીના જગન્નાથ મંદિરમાં આપણે જે પવિત્ર ત્રિમૂર્તિની પૂજા કરીએ છીએ તેનું પ્રતિનિધિત્વ કરે છે.

આ સિક્કાઓ પર રાજા અગાથોકલ્સ દ્વારા સોંપાયેલ કારીગરી તે યુગની સાંસ્કૃતિક સંવાદિતાનું એક સુંદર ઉદાહરણ છે. સિક્કાની એક બાજુ ગ્રીક ભાષા હતી, જ્યારે બીજી બાજુ બ્રાહ્મી લિપિમાં સામાન્ય ભારતીય લોકોની ભાષા, પ્રાકૃત ભાષા દર્શાવવામાં આવી હતી. કેટલીક જગ્યાએ ખરોષ્ઠી લિપિનો પણ ઉપયોગ થતો હતો.

દેવતાના વસ્ત્રો અને મુદ્રા સંપૂર્ણપણે ભારતીય હતા, જ્યારે તેમના મુગટ અને જૂતા ગ્રીક પ્રભાવને પ્રતિબિંબિત કરતા હતા. કલ્પના કરો કે કોઈ વિદેશી શાસક કાયદેસરતા મેળવવા અને તેના લોકોના હૃદય મેળવવા માટે ભારતીય દેવતાઓ તરફ વળ્યો હતો.

આ કોઈ અલગ ઘટના નહોતી. ઈતિહાસ પર નજર નાખવાથી અસંખ્ય પુરાવાઓ બહાર આવે છે જે દર્શાવે છે કે તે સમયગાળા દરમિયાન કૃષ્ણ અને બલરામ પ્રત્યેની ભક્તિ સરહદો પાર ફેલાઈ હતી. પ્રાચીન વેપાર માર્ગ પર સ્થિત ચિલાસ (કાશ્મીર) માં મોટા પથ્થરની કોતરણી મળી આવી છે, જેમાં કુષાણ શૈલીના ઝભ્ભા પહેરેલા બે પુરુષોને હળ અને ચક્ર પકડીને દર્શાવવામાં આવ્યા છે. તેમના નામ ખરોષ્ઠી લિપિમાં કોતરેલા છે.

ગરુડ સ્તંભ વિદિશા (મધ્યપ્રદેશ): શુંગ સમયગાળા દરમિયાન ગ્રીક રાજદૂત હેલિયોડોરસ, વિદિશામાં એક વિશાળ સ્તંભ બનાવ્યો અને ગર્વથી પોતાને "પરમ ભાગવત" (વાસુદેવ કૃષ્ણનો પ્રખર ભક્ત) જાહેર કર્યો.





મેગાસ્થેનિસની ડાયરીઃ ગ્રીક રાજદૂત મેગાસ્થેનિસે તેમના પુસ્તક "ઈન્ડિકા" માં પણ લખ્યું છે કે શૂરસેન (મથુરા) ના લોકો દ્વારા પૂજાતા દેવતા ગ્રીક "હેરાકલ્સ" જેટલા જ શક્તિશાળી હતા, જે ભગવાન કૃષ્ણનો સીધો સંદર્ભ છે.

# દહેગામથી મજુરી કરી ઘરે આવેલા પતિએ પત્ની સાથે ઝઘડો કરી ૩ માસના માસૂમ પુત્રને કૂવામાં ફેંકી દીધો

## કૂવો ઉલેચીને બાળકની લાશને બહાર કઢાઈ.

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના ઝાલદડા ગામે કાળજુ કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. જેમાં માત્ર ૩ મહિના પહેલાં જન્મેલા બાળકને તેના જ જન્મદાતા પિતાએ પિયર જવા બાબતે પત્ની સાથે થયેલી તકરારમાં જીવતો કૂવામાં ફેંકી દઈ કરૂણ મોત નીપજાવ્યું છે. શંકા અને આવેગમાં અંધ બનેલા પિતાના આ રાક્ષસી કૃત્યથી સમગ્ર મહિસાગર જીલ્લામાં અરેરાટી વ્યાપી ગઈ છે.

ઝાલદડા ગામના ઝાલા ફળિયામાં રહેતા આશીષભાઈ રમેશભાઈ ભુરીયાના લગ્ન ૧ મે ૨૦૨૫ના રોજ હિનાબેન સાથે થયા હતા. લગ્ન બાદ પતિ આશીષ દહેગામ નજીક આવેલી પાટીદાર કંપનીમાં મજુરી કામ કરતો હોઈ હિનાબેન પણ તેની સાથે ત્યાં રોકાયા હતા. ગત ૧૩ જૂન ૨૦૨૬ના રોજ હિનાબેને સંતરામપુરની હોસ્પિટલમાં સીઝરથી એક સ્વસ્થ પુત્રને જન્મ આપ્યો હતો. જેનું નામ 'લવ્યાંશ' રાખવામાં આવ્યું હતું. સંતાનના જન્મ બાદ હિનાબેન પિયર અને સાસરીમાં આવ–જા કરતા હતા. આ દરમિયાન દહેગામથી ઘરે પરત ફરેલા આશીષે પત્ની પિયરમાં વધારે સમય કેમ રોકાય છે તે બાબતે ઝઘડો શરૂ કર્યો હતો. રવિવારે બપોરે હિનાબેન પોતાના ૩ માસના પુત્ર લવ્યાંશને સ્તનપાન કરાવી રહ્યા હતા ત્યારે જ આશીષે આવેગમાં આવી બોલાચાલી કરી હતી કે, "તું આટલા બધા દિવસ પિયરમાં કેમ રોકાય છે. તું મારે જોઈતી નથી, કાલે તને



દહેગામ લઈ જઈશ." ત્યારબાદ બપોરે આશરે ત્રણ વાગ્યાના સુમારે હિનાબેન બાળકને બહાર ખાટલામાં સૂવડાવીને કપડાં લેવા ઘરમાં ગયા હતા. એ જ વખતે અંધ બનેલા આશીષે ખાટલામાંથી માસૂમ લવ્યાંશને ઊંચકી લીધો અને ઘર નજીક આવેલા કૂવા તરફ દોટ મૂકી હતી. હિનાબેન અને તેમના સાસુ બૂમાબૂમ કરી પાછળ દોડ્યા તે પહેલાં તો નિર્દયી પિતાએ માસૂમ બાળકને ઊંડા કૂવામાં ફેંકી દીધો હતો અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને કૂવામાં તપાસ કરી હતી. પરંતુ માસૂમ લવ્યાંશ પાણીમાં ડૂબી ગયો હતો. ઘટના અંગે ગામના સરપંચ અને પોલીસને જાણ કરાતા સંતરામપુર પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. કૂવામાંથી એન્જિન વડે પાણી બહાર કાઢ્યા બાદ ૩ મહિનાના લવ્યાંશનો મૃતદેહ મળી આવતા પરિવારમાં અરેરાટી સાથે ભારે કરૂણંતિકા છવાઈ ગઈ હતી. માતા હિનાબેન ભુરીયાની ફરિયાદના આધારે પતિ આશીષ સામે હત્યાનો ગુનો દાખલ કરાયો છે

# બોડેલીના ઘરોલીયા રૂટ પર બસની સમસ્યાથી કંટાળી ૫૦થી વધુ વિદ્યાર્થિનીઓ રણચંડી બની

ઊંચાપાન,
બોડેલી તાલુકાના ઘરોલીયા રૂટ પર ઘણાં સમયથી પૂરતી એસટી બસ સેવા નહીં મળતાં વિસ્તારના વિદ્યાર્થીઓ સમયસર શાળાએ નહીં પહોંચી શકતાં તેમના અભ્યાસને અસર થઇ રહી છે. આખરે આ સમસ્યાથી કંટાળેલી નવજીવન હાઈસ્કૂલની વિદ્યાર્થિનીએ છોટાઉદેપુર જીલ્લા કલેક્ટરને ટેલિફોનિક રજૂઆત કરી હતી.

આ રજૂઆતને ગંભીરતાથી લઈ સ્થાનિક તંત્ર હરકતમાં આવ્યું હતું. બોડેલી મામલતદાર સાથે પોલીસની ટીમે એસટી ડેપો ખાતે પહોંચી વિદ્યાર્થીઓની હાજરીમાં ડેપો મેનેજરને સંબંધિત રૂટ પર બસ ફાળવવા રજૂઆત કરી હતી.

છોટાઉદેપુર જીલ્લાના બોડેલી તાલુકાના સખાન્દ્રા–ઘરોલિયા વિસ્તારના



વિદ્યાર્થીઓને શાળાએ પહોંચવા માટે લાંબું અંતર કાપવું પડે છે. બોડેલી નવજીવન હાઈસ્કૂલ અને શિરોલાવાલા હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પૂરતી એસટી બસ સેવા ન મળતાં તેઓ સમયસર શાળાએ પહોંચી શકતા નથી, જેના કારણે તેમના અભ્યાસ પર અસર પડી રહી હોવાની રજૂઆત કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ, સખાન્દ્રા તથા ઘરોલિયા વિસ્તારના વિદ્યાર્થીઓ રોજે રોજ આશરે ૧૫થી ૨૦ કિમીનું અંતર કાપીને બોડેલીમાં અભ્યાસની ભૂખ સંતોષવા માટે આવે છે. પરંતુ પૂરતી બસ સેવા ઉપલબ્ધ ન હોવાથી ખાસ કરીને વિદ્યાર્થિનીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ઘણી વખત બસના અભાવે તેઓ શાળાએ મોડા પહોંચતા હોવાની ફરિયાદ છે.આ મુદ્દે નવજીવન હાઈસ્કૂલની વિદ્યાર્થિની પાયલે છોટાઉદેપુર જીલ્લા કલેક્ટરને ટેલિફોનિક રજૂઆત કરી હતી. રજૂઆતને પગલે સ્થાનિક તંત્ર હરકતમાં આવ્યું હતું.

બોડેલી મામલતદાર તેમજ પોલીસની ટીમ એસટી ડેપો ખાતે પહોંચી હતી. જ્યાં તેમના દ્વારા વિદ્યાર્થીઓની હાજરીમાં બોડેલી એસટી ડેપોના મેનેજર સમક્ષ સંબંધિત રૂટ પર વિદ્યાર્થીઓ માટે પૂરતી એસટી બસ ફાળવવા માટે રજૂઆત કરવામાં આવી હતી.સરકારના બેટી બચાવો, બેટી પઢાવોના સૂત્રનો ફિયાસ્કો એક તરફ સરકાર દ્વારા બેટી બચાવો, બેટી પઢાવોના નારા સાથે દીકરીઓને શિક્ષણની મુખ્યધારામાં લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ બસ સેવાના અભાવે દીકરીઓ સમયસર શાળાએ ન પહોંચી શકે તે ગંભીર બાબત છે. લાંબા સમયથી ચાલી રહેલી આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવી વિદ્યાર્થીઓ માટે યોગ્ય સમયે બસ ફાળવવામાં આવે તે જરૂરી છે.

# મહીસાગર જીલ્લામાં 'આપણી આંગણવાડી આપણી જવાબદારી' વિષય પર જીલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ



લુણાવાડા,
મહીસાગર જીલ્લા પંચાયતના આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા રાષ્ટ્રીય પોષણ માહ (૯ સપ્ટેમ્બર – ૮ ઓક્ટોબર, ૨૦૨૬) ના સંદર્ભમાં જીલ્લા પંચાયત ખાતે જીલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થની અધ્યક્ષતામાં તમામ સંલગ્ન શાખાના નોડલ ઓફિસરઓ સાથે એક મહત્વની બેઠક યોજાઈ હતી. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા કુપોષણ અને એનિમિયાના નિવારણ માટે 'મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦' હેઠળ આ પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ પોષણ માસ ના મુખ્ય ઉદ્દેશ્ય પોષણ સૂચકાંકોમાં સુધારો કરવા માટે દેશભરમાં પોષણ–કેન્દ્રિત સંવેદનશીલતા વધારવાનો છે.

આ વર્ષના રાષ્ટ્રીય પોષણ માહની મુખ્ય થીમ "આપણી આંગણવાડી આપણી જવાબદારી" નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત કાર્યક્રમને સફળ બનાવવા અન્ય પાંચ પેટા–થીમ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જેમાં આહારની વિવિધતા અને પર્યાપ્ત પ્રોટીન, આંગણવાડી કેન્દ્રો પર તાજું ગરમ રાંધેલું ભોજન , સામુદાયિક માલિકીપણું અને જવાબદારી, બાળપણના વિકાસ માટે પોષણ અને પ્રારંભિક ઉત્તેજન, તથા પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત માતાના સ્વાસ્થ્ય માટે રોકડ સહાયનો સમાવેશ થાય છે.

આ થીમ્સ અંતર્ગત આંગણવાડી સ્તરે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે, જેવી કે પોષણ રેલી, સ્વસ્થ અને વૈવિધ્યસભર રેસીપી નિદર્શન, સાપ્તાહિક મેનુ રોટેશન, આંગણવાડી વ્યવસ્થાપન સમિતિઓનું સક્રિયકરણ, અને પીએમએમવીવાય માટે ૧૦૦% નોંધણી ઝુંબેશ અને નાગરિક જાગૃતિ અભિયાન. બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી દ્વારા તમામ સંબંધિત વિભાગોને આ કાર્યક્રમોને જન આંદોલન સ્વરૂપે સફળ બનાવવા અને યોગ્ય સંકલન સાધીને કામગીરી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી, જેથી મહીસાગર જીલ્લામાં મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં હકારાત્મક પરિવર્તન લાવી શકાય.

આ બેઠકમાં ડીઆરડીએ ડાયરેક્ટર ચંદ્રિકાબેન ભાભોર, ઈન્ચાર્જ સીડીપીઓ તેમજ અધિકારીઓ અને આઈસીડીએસ શાખાના કર્મચારી ઉપસ્થિત રહ્યાં હતા.

# વડોદરા થી મધ્યપ્રદેશના ટાંડા રોડ વચ્ચે નવી ટ્રેન સેવા થતાં આદિવાસી વિસ્તારોને મળશે લાભ



છોટા ઉદેપુર,
વડોદરામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે રૂ.૩૫ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને રાષ્ટ્રને સમર્પણનો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે વડોદરા અને મધ્યપ્રદેશના ટાંડા રોડ વચ્ચે નવી પેસેન્જર ટ્રેન સેવા શરૂ કરાઈ.

આ સાથે જ, છોટાઉદેપુર–ધાર રેલવે પ્રોજેક્ટના ભાગરૂપે જોબટ–ટાંડા રોડ નવી રેલવે લાઇન પણ રાષ્ટ્રને સમર્પિત કરાઈ. આ નવી રેલવે કનેક્ટિવિટી ગુજરાત અને મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારોને રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે જોડવામાં મદદ કરશે.

નવી ટ્રેન સેવા શરૂ થતાં બોડેલી, છોટાઉદેપુર સહિત સમગ્ર આદિવાસી પટ્ટામાં ખુશી જોવા મળી. ગુજરાત અને મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારોને સીધી અને સરળ રેલવે કનેક્ટિવિટી મળતાં શિક્ષણ, રોજગાર, વેપાર અને અવરજવરની નવી તકો ઊભી થવાની શક્યતા છે.બોડેલી રેલ્વે સ્ટેશન ખાતે મુસાફરોએ આ રેલવે સેવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો. તેમણે છોટાઉદેપુર અને મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તાર માટે આ દિવસને વિકાસની નવી કડી ગણાવ્યો. નવી રેલવે કનેક્ટિવિટીથી છોટાઉદેપુર અને મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારો વચ્ચેના સંબંધો મજબૂત બનશે. તેનાથી વિકાસને પણ નવી ગતિ મળશે.

# સંખેડા નોબલ સ્કૂલના વાહનમાં રતનપુરથી ઓવરલોડીંગ વિદ્યાર્થીઓ ભરાયાના આક્ષેપ સાથે કાર્યવાહીની માંગ કરાઈ



સંખેડા,
હબીપુરા ગામ પાસે આવેલી નોબલ પબ્લિક સ્કૂલના વાહન પર ઓવરલોડિંગનો આરોપ લાગ્યો છે. રતનપુરના સરપંચ મોતીભાઈએ દાવો કર્યો છે કે સ્કૂલના વાહનમાં ક્ષમતા કરતા વધુ વિદ્યાર્થીઓને લઈ જવાય છે.

સરપંચ મોતીભાઈના જણાવ્યા અનુસાર, રતનપુરથી વિદ્યાર્થીઓને લઈ જતા વાહનની પાસિંગ ક્ષમતા ૧૦ વિદ્યાર્થીઓની છે. તેમ છતાં, તેમાં ૧૫ વિદ્યાર્થીઓને ભરીને લઈ જવાય છે.

મોતીભાઈએ કહ્યું કે, એડમિશન સમયે વાલીઓને સારી ટ્રાન્સપોર્ટ સુવિધા આપવાનું વચન અપાયું હતું. જોકે, હકીકતમાં વિદ્યાર્થીઓને જીવના જોખમે લઈ જવાય છે. તેમણે સવાલ કર્યો કે જો કોઈ અકસ્માત થાય તો તેની જવાબદારી કોની રહેશે.

સરપંચ મોતીભાઈએ તંત્રને સ્કૂલ સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી છે. આ અંગે નોબલ સ્કૂલના કર્મચારી ચિરાગભાઈ પટેલનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે, આ વાહન સ્કૂલનું છે અને ગાડીનું ૧૦ વિદ્યાર્થીનું પાસિંગ છે. જોકે, રતનપુર તરફથી ૧૫ જેટલા વિદ્યાર્થીઓ આવે છે, જેના માટે મોટી બસ મૂકી શકાય નહીં.

# સંતરામપુર પોલીસ મથકના વોન્ટેડ આરોપીને ગોઠીબ ચોકડી પાસેથી એલ.સી.બી.એ ઝડપ્યો



સંતરામપુર,
મહીસાગર LCBએ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના કેસમાં વોન્ટેડ આરોપીને પકડ્યો છે. ક્યુઈ સ્ટાફના હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ ગિરીશભાઈને બાતમી મળી હતી.

આ બાતમીના આધારે ટીમે ગોઠીબ ચોકડી પાસે તપાસ કરી હતી. તપાસ દરમિયાન સંતરામપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુન્હામાં વોન્ટેડ આરોપી જસવંત સબુરભાઈ વાદી મળી આવ્યો હતો. જસવંત વાદી દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના થેરકા ગામના કચાર ફળિયાનો રહેવાસી છે. તેના પર BNS-2023ની કલમ ૩૧૮(૪), ૩૧૯, ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨) અને ૬૧(૨) મુજબ ગુનો નોંધાયેલો છે.

LCB ટીમે આરોપીને પકડીને સંતરામપુર પોલીસને સોંપ્યો છે. પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## આપની આજ.......

મેષ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે.

વૃષભ: આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

મિથુન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો.વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા આપતી વખતે થોડી અસુવિધા થઈ શકે છે.

કર્ક: અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઈઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

સિંહ: કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

કન્યા: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે.

તુલા: ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઈફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે.

ધન: વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઈચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે.

મકર: લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

કુંભ: ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

મીન: તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે.

# ખાનપુરમાં ખેડૂતોએ વરસાદ ખેંચાતા કડાણા ડેમથી તળાવો ભરવા, ઘાસચારો અને ધિરાણ માફીની માંગ સાથે મામલતદારને આવેદન

ખાનપુર,
મહિસાગર જીલ્લામાં વરસાદ ઓછો થતા ખેડૂતોની મુશ્કેલી વધી છે. ખાનપુર તાલુકાના ખેડૂતોએ વરસાદના અભાવે સુકાઈ રહેલા પાકને લઈને ખાનપુર મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. ખેડૂતોએ સરકાર સામે કુલ પાંચ અલગ–અલગ માંગણીઓ રજૂ કરી છે.

ખેડૂતોની મુખ્ય માંગણીઓમાં કડાણા ડેમ દ્વારા ગામના તળાવો ભરવા, પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરવી અને ખેડૂતોના દેવા માફ કરવા જેવી રજૂઆત કરાઈ છે.

બીજી તરફ, વરસાદ ઓછો થતા મકાઈ, ડાંગર સહિતના પાક સુકાઈ જવાનો ડર ખેડૂતોમાં જોવા મળી રહ્યો છે. ખેડૂતોની માંગ છે કે તાત્કાલિક પાક નુકસાનનો સર્વે કરવામાં આવે અને અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય મદદ ચૂકવવામાં આવે. ખેડૂતોના કહેવા મુજબ, જો આવનારા દિવસોમાં વરસાદ નહીં પડે તો પાકને મોટું નુકસાન થવાની શક્યતા છે.

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૩૪૮/૨૦૨૫, તા.૨૩/૦૨/૨૦૨૬
અરજદાર– શ્રી માવી જવરાભાઈ લલુભાઈ, રહે.માંડવ,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂધ્ધ
સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,માંડવ, તા.ધાનપુર, જી.દાહોદ
જન્મ મરણ અધિનિયમની કલમ: ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી માવી જવરાભાઈ લલુભાઈ તેમના પુત્ર નામે માવી આશિષકુમાર જવરાભાઈની જન્મ તા.૦૮/૧૨/૨૦૦૪ નારોજ મુ.માંડવ, તા. ધાનપુર, જી.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.માંડવ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રનો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
આજ તારીખ–૨૩ માહે ફેબ્રુઆરી નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

# નસવાડીના મુખ્ય માર્ગો પર જીવલેણ ખાડાઓ ગણેશ ઉત્સવ પહેલાં પૂરવાની માંગ કરાઈ

નસવાડી,
નસવાડી નગરના મુખ્ય માર્ગો પર છેલ્લા કેટલાય દિવસોથી ખાડાઓ વધુ ઊંડા અને જીવલેણ બન્યા છે. ટ્રકના પૈડાં ગરકી જાય તેવા ખાડાઓમાંથી બાઈકચાલકોને પસાર થવાની ફરજ પડી રહી છે. ગણેશ ઉત્સવ નજીક આવી રહ્યો હોવા છતાં રસ્તાઓની સ્થિતિમાં સુધારો ન થતાં યુવાનો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નસવાડી નગરના મુખ્ય માર્ગો પર પડેલા ખાડાઓના કારણે વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે. કેટલાક સ્થળે ખાડા એટલા ઊંડા બન્યા છે કે ટ્રકના પૈડાં પણ તેમાં ગરકી જાય તેવી સ્થિતિ છે. બાઈકચાલકોને આ ખાડાઓમાંથી પસાર થતી વખતે અકસ્માતનો ભય



સતાવી રહ્યો છે.

છેલ્લા કેટલાય દિવસોથી ગ્રામજનો અને વાહનચાલકો દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં છોટાઉદેપુર સ્ટેટ આરએન્ડબી વિભાગના અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરી નથી.

ચોમાસામાં રસ્તાના ખાડા પુરવા સરકાર દ્વારા ઈમરજન્સી વર્ક માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. તેનો ઉપયોગ ક્યાં થાય છે તે તપાસનો વિષય બન્યો છે. ગણેશ ઉત્સવ નજીક હોવાથી મૂર્તિ લાવવા–લઈ જવામાં પણ મુશ્કેલી પડે તેવું છે. તાત્કાલિક ખાડા પુરવા લોકમાંગ ઉઠી છે.

સરકાર ગ્રાન્ટ આપે છે તો રોડની સપાટી વ્યવસ્થિત કરો રક્ષા બંધન જન્માષ્ટમી જેવા તહેવારમા ખાડા ન પુરાયા, આ કેવું કહેવાય ? જીલ્લાના અધિકારી, ઈજનેરોએ સ્થળ મુલાકાત કરવી જોઈએ. ખાડા કોઈનો જીવ ગયા પછી પુરાશે ? એક મોટુ વાહન અંદર સમાય તેવો ખાડો છે. કોઈ જોવા વાળું નથી. લોકો હેરાન બન્યા છે.

વિદ્યાર્થીઓ, રાહદારીઓ ખાડાને લઈ ચાલે ક્યાં ? હવે ગણેશજીની પ્રતિમાઓનું આગમન થઈ રહ્યું છે. કહેવું કોને ? સરકાર ગ્રાન્ટ આપે છે તો રોડની સપાટી વ્યવસ્થિત કરો. વિસ્તારના લોકો પણ હેરાન છે. ખાડાને લઈ ટ્રાફિક જામ થાય છે. – રાજુભાઈ ભીલ, વાહન ચાલક

મોટા ખાડા હવે જીવલેણ બની રહ્યા છે નસવાડી ટાઉનમાંથી છોટાઉદેપુર મદયપ્રદેશ તરફનો વાહન વ્યવહાર ચાલુ છે. ત્યારે સ્ટેટ આર એન્ડ બી રોડની સપાટી બાબતે સતત દયાન આપવું પડે. પરંતુ કોઈ દયાન આપતું નથી. જેને લઈ મોટા ખાડા હવે જીવલેણ બન્યા છે. જીવના જોખમે વાહનો પસાર કરવા વાહન ચાલકો મજબુર બન્યા છે. જીલ્લાના અધિકારીઓથી લઈ ચૂંટાયેલા નેતાઓ દયાન આપતા ન હોઈ વિસ્તારમા રોષ ઉઠ્યો છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં નકલી બિનખેતીની હુકમો સાથે જોડાયેલા અંદાઝે ૭ જેટલા સર્વે નંબરોની એ બિનખેતીની જમીનોમા ચુપચાપ આંતરીક સોદાઓની હિલચાલો શરૂ કરાતા ભૂ-માફીયા સિન્ડિકેટમાં માહોલ ગરમાયો..!!

દાહોદ,

ગુજરાત સરકારના મહેસૂલી તંત્રને હચમચાવી દેનારા દાહોદના સૌથી મોટા નકલી બિનખેતીના હુકમોના બહાર આવેલા ચોંકાવનારા કૌભાંડમાં અત્યાર સુધી દાહોદ શહેર ફરતે આવેલ ૨૧૯ જેટલી જમીનોમાં બોગસ બિનખેતીના હુકમો સામેલ હોવાનુ અત્યાર સુધીની તપાસોમાં બહાર આવ્યુ હતું. પરંતુ દાહોદ શહેર અને ફરતે આવેલ અંદાઝે સાત જેટલા સર્વે નંબરોની જમીનોમાં પણ બોગસ બિનખેતીના હુકમોના રહસ્યો છુપાયેલા હોવાનું કહેવાય છે અને આ બોગસ બિનખેતીના હુકમો ધરાવનાર આ બિનખેતીની જમીનોમાં જે સોદાઓ કરાયા હતા. અગરતો રહેણાંક અને કોમર્શિયલ સ્કીમો બનાવવાની લાલચોમા કેટલાક ધંધાકીય ઈસમો દવારા લાખ્ખો રૂપિયા ના રોકાણો કર્યા હતા આ રોકાણકારો મા લાંબા સમય થી છેતરાઈ ગયા હોવાના અહેસાસો અનુભવી રહ્યા છે. જયારે બોગસ બિનખેતીના ઓર્ડર થી બિનખેતીની આ જમીન માલીકો બનેલા આ ભૂ–માફીયાઓ'' હવે અંદરખાને આ જમીનો બારોબાર અન્ય ચહેરાઓને પધરાવવાના ખેલો શરૂ કરતા બોગસ બિનખેતીના હુકમો ધરાવતી હજુ સાત થી આઠ જેટલી જમીનો તપાસોના સકંજા માંથી છટકી ગઈ હોવાની આંતર કલહની ચર્ચાઓ ક્રમશઃ બહાર આવી રહી છે. જો કે સરકાર ના કરોડો રૂપિયાના પ્રીમિયમો ની ચોરી કરનારા દાહોદ ના આ નકલી બિનખેતી હુકમો ના કાંડો મા માસ્ટર માઈન્ડ આરોપીઓ શૈશવ પરીખ, રામુ પંજાબી વી.ભેજાબાજો જામીન મુક્ત થઈને બહાર આવી ગયા છે, પરંતુ ગુજરાત સરકારના મહેસૂલી તંત્રના સત્તાધીશો દવારા સરકારને કરોડો રૂપિયાનો ચૂનો લગાડનારા દાહોદના આ નકલી બિનખેતીના હુકમો સંદર્ભમાં બે વર્ષ ઉપરાંતના સમયગાળો પસાર થઈ ગયો હોવા છતા પણ યોગ્ય નીતિ વિષયક નિર્ણયો લેવામાં આવ્યા નથી.

દાહોદ શહેર અને ફરતે આવેલ કરોડો રૂપિયાની કિંમતની બિનખેતીની જમીનોમાં નકલી બિનખેતીના હુકમો સામેલ હોવાનું એક જબરદસ્ત કૌભાંડ તાજેતરના ભૂતકાળમાં બહાર આવ્યું હતું. એમા અંદાઝે ૨૧૯ જેટલા સર્વે નંબરોની બિનખેતીની જમીનોના નકલી બિનખેતીના હુકમો સામેલ હોવાનું તપાસો દરમ્યાન બહાર આવ્યું હતું. જો કે, મહેસૂલી તંત્ર દવારા શરૂ કરવામાં આવેલ આ તપાસોમાં ક્યાંક દાહોદ શહેરમાં આવેલ અને ફરતે રહેલ અંદાઝે સાત જેટલા સર્વે નંબરોની જમીનોમાં પણ બોગસ બિનખેતીના હુકમો સામેલ હોવાનું પ્રાથમિક તપાસો દરમ્યાન બહાર આવ્યું હતું, પરંતુ કરોડો રૂપિયાના મૂલ્યોની આ બિનખેતીની જમીનો નીફાઈલો ગુપચુપ રીતે સરકી ગઈ હોવાની ચર્ચાઓ ક્રમશઃ બહાર આવી રહી છે. એટલા માટે કે આ બિનખેતીની જમીનોના જે તે રોકાણકારો એ બિલ્ડરોના ભરોસા સાથે સોદાઓ કર્યા હતા. આ વ્યાપાર ધંધાઓના સામ્રાજ્યો ખોરવાઈ ગયા હતા. આવા સંજોગોમાં નકલી બિનખેતીના હુકમોની તપાસો હવે બંધ થઈ ગઈ હોવાની ધારણાઓ આ નકલી બિનખેતીના હુકમો ધરાવતી એ બિનખેતીના જમીનોમાં ચુપચાપ સોદાઓ કરી દેવાની હિલચાલો શરૂ થતા દાહોદના હોનહાર ભૂ–માફીયા સિન્ડિકેટ ગેંગમાં આંતરીક ગરમાવો પ્રસરી જવા પામ્યો છે અને આગામી દિવસોમાં નકલી બિનખેતીના હુકમોની તપાસો માંથી સરકી ગયેલ અંદાઝે સાત જેટલા સર્વે નંબરોની બિનખેતીની જમીનો સામે આમને સામને મોરચાના મંડાણો શરૂ થાય એવી દહેશતભરી ચર્ચાઓ બિલ્ડર લોબીમાં દેખાઈ રહી છે.

# "પ્રાચિન સમયકાળથી જ ભગવાન શિવ આદિવાસીઓના આરાધ્યદેવ રહ્યા છે''

**જાગૃતિધામ વગેલામાં જનજાતી સામાજીક આગેવાન અજીતદેવ પારગી, ધનાજી મહારાજ અને સંતોના સાનિધ્યમાં શ્રાવણ માસ ઉપાસના સમાપને યોજાયો યજ્ઞ હોમ હવનનો કાર્યક્રમ.**

ઝાલોદ,

ઝાલોદ તા.૦૬/૦૯/૨૦૨૬ નારોજ ઝાલોદ તાલુકાના વગેલા ગામે સંત ધનાજી મહારાજની સાનિધ્યમાં જાગૃતિ ધામ સાથે જોડાયેલા સંતો ભકતોના પ્રયત્નો થી પવિત્ર શ્રાવણ માસના સમાપન પ્રસંગે ભવ્ય હોમ હવન અને યજ્ઞનો કાર્યક્રમ આયોજીત થયો હતો. કાર્યક્રમમા શ્રાવણમાસનો ઉપવાસ પુજા સાધના કરનારા ભકતો સાધકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને પોતાના ગુરૂ તથા સંતોના સાનિધ્યમાં ભગવાન શિવ સાધનાની પવિત્ર શ્રાવણ માસની પુજા વ્રત ઉપવાસની પુર્ણાહુતી પુર્વે યજ્ઞ હોમ હવનમાં જોડાયા હતાં. આ પ્રસંગે જનસભાને સંબોધિત કરતા જનજાતી સામાજીક આગેવાન અજીતદેવ પારગીએ આદિદેવ મહાદેવ જ ભારતના



આદિવાસીઓના આરાધ્ય દેવ રહ્યા છે, તે શિવરૂપમાં હોય બાબાદેવ કે બડાદેવના રૂપમાં હોય કે પછી શિવજીના જ અવતાર અને અંશ સ્વરૂપે ભૈરવજીઓ હોય કે હરએક ગામ અને મંદિરોમા બેઠેલા હનુમાનજી મહારાજ હોય કહેતા તેમણે શિવજીનો શિવ ભક્તિ નો મહિમા કહ્યો હતો. બોર્ડરના ગામોમાં થય રહેલા ધર્માન્તરણને આડે હાથ લેતાં તેમણે પોતાનો ધર્મ કદી ન છોડવા અને ગરિબ ભોળા હિન્દુ ભાઈઓના ધર્માન્તરણ સામે ચુપ ન રહેતા પ્રબળતાથી તેનો વિરોધ કરવા જનસમાજને આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે ધનાજી મહારાજની સંતવાણીનો પણ લોકોને લાભ મળ્યો હતો. રાજસ્થાન થી ફતેસિંહભાઈ, પુર્વ જીલ્લા પંચાયત પ્રમુખ શિતલબેન વાઘેલા, કોમલબેન કાન્તીલાલ ડામોર વગેરે આગેવાનોએ પણ ધર્મસભામાં બોલતા આ સરસ કાર્યક્રમ પર શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# દે.બારીઆ ન.પાલિકાના વેરા વસૂલાતોનો વહીવટ પહોંચ્યો જ નથી તો સુવિધાઓ કેવી પહોંચી

**– દે.બારીઆને અડીને આવેલ એક ગ્રામ પંચાયત કાર્યક્ષેત્રમાં આવેલ વૈભવી રહેણાંક મકાનોમા પાલિકા સંચાલીત પાણીનો પ્રવાહ અને વીજળીનો ઉજાસ પહોંચ્યો હોવાની ગંભીર ચર્ચાઓ..!!**

દે.બારીઆ,

દે.બારીઆના પ્રજાજનો પીવાના પાણી ક્યારે આવશે અને વીજ થાંભલાઓ ઉપર કયાંક દેખાતા અંધકારો ક્યારે દૂર થશે ની રાહ જોવામાં દિવસો સુધી ઈન્તેજાર કરતા હશે, પરંતુ દે.બારીઆ નગરને અડીને આવેલ એક ગ્રામ પંચાયત ની હદ મા તૈયાર કરવામાં આવેલ એક રહેણાંક મકાનની સ્કીમમાં તૈયાર કરવામાં આવેલા વૈભવી મકાનોના ઘરો દે.બારીઆ ન.પાલિકા સંચાલીત પીવાના પાણીનો પ્રવાહ અને વીજ લાઈટોની સુવિધાઓ ચુપચાપ પહોંચી ગઈ હોવાની ગુફ્તેગુઓની ચર્ચાઓ ક્રમશઃ બહાર આવતા દે.બારીઆના પ્રજાજનો પણ અંદરખાને સ્તબ્ધ બની ગયા છે અને ગ્રામ પંચાયતની હદમાં આવેલ આ રહેણાંક મકાનોમાં પહોચતા પાણી અને વીજ પુરવઠાના ખર્ચાઓના બોજા કયાંક આપણી પાસે થી વેરા વસૂલાતોમાં વસુલ કરવામા આવતા હોવાની ગંભીર ચર્ચાઓ પણ દે.બારીઆના પ્રજાજનોમાં વહેતી થવા પામી હોવાનું કહેવાય છે. એટલા માટે દે.બારીઆ નગરને અડીને આવેલ એક ગ્રામ પંચાયતની જમીન ઉપર નિર્માણાધીન કરાયેલ રહેણાંક મકાનો સુધી દે.બારીઆ ન.પાલિકા કચેરી ના વેરા વસૂલાતો માટેની કાયદેસર કાર્યવાહીઓ પહોંચી નથી. આ પહેલા પાલિકા સંચાલીત પાણી અને વીજ સુવિધાઓ આ રહેણાંક મકાનો સુધી કેવી રીતે પહોંચ્યા આ સંદર્ભમાં દે.બારીઆ ન.પાલિકા ના સત્તાધીશો દવારા હકીકતો છુપવાવ આવવાના બદલે સત્ય આધારીત તપાસો હાથ ધરવામા આવે એવી પ્રજામાંગ ઉભી થવા પામી છે.

દે.બારીઆ ન.પાલિકાનો વહીવટ અત્યારે સત્તાઓની સાઠમારીઓમાં અટવાયેલો તો છે, પ્રજાજનો એ જે આશા અને અપેક્ષાઓ સાથે મતો આપી ને પાલિકા ના સદસ્યો પસંદ કર્યા હતા પાલિકા સદસ્યો પૈકી મોટાભાગના સદસ્યો દે.બારીઆ પાલિકા કચેરી ફરતે આંટાફેરા કરતા સદસ્યો થી ઓળખાવવા લાગ્યા છે. એમા દે.બારીઆ પ્રજાજનોમાં પીવાના પાણી ક્યારે આવશે અને વીજ થાંભલાઓ ઉપર કયાંક દેખાતો અંધકાર કયારે દૂર થશેની મુંઝવણો ભલે નગરજનો ભોગવતા હશે. પરંતુ દે.બારીઆ નગરના પ્રવેશ દ્વારે એટલે કે અડીને આવેલ એક ગ્રામ પંચાયત ની હદ મા આવેલ એક જમીન મા એક વૈભવી રહેણાંક મકાનોની સ્કીમ બનાવવામાં આવી છે. એમા દે.બારીઆ પાલિકા સંચાલીત પાણીનો પ્રવાહ અને વીજ સુવિધાઓ ના અજવાળા પહોચતા થયા હોવાની ગુફ્તેગુઓની ચર્ચાઓ દે.બારીઆના પ્રજાજનોમાં પ્રસરતા વેંત ભારે ગંભીર ચર્ચાઓ શરૂ થવા પામી છે. એટલા માટે કે ગ્રામ પંચાયતના કાર્યક્ષેત્રમાં આવેલ આ રહેણાંક મકાનો સુધી જે પાણી નો પ્રવાહ અને વીજ સુવિધાઓ ચુપચાપ પહોંચતી કરાઈ છે. આ નાણાકીય ખર્ચાઓનો બોજ દે.બારીઆના નગરજનો પાસે થી વેરા વસૂલાતોમાં ઉઘારવામાં આવતો હોવાની સંભાવનાઓ નગરજનોમાં ઉભી થવા પામી છે.

# દેવગઢ બારીયાના સેવાનિયા ગામે રોડ પર બનેલ હીટ એન્ડ રનની ઘટના

**પૂરપાટ દોડી આવતી બોલેરો ગાડીની ટક્કરે મોટરસાયકલ ચાલકનું મોત.**

દે.બારીયા,

દેવગઢ બારીયા તાલુકાના સેવનિયા ગામે રોડ પર પૂરપાટ દોડી આવતી બોલેરો ગાડી સામે થી આવતી મોટરસાયકલને જોશભેર ટક્કર મારતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજા ગ્રસ્ત મોટર સાયકલ ચાલકનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત નીપજયાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર એક ફોરવીલ ગાડીનો ચાલક તેના કબજાની જીજે–૨૦–સીએ–૪૦૧૩ નંબરની મહિન્દ્રા કંપનીની બોલેરો ગાડી સવારના સાડા સાત વાગ્યાના સુમારે પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી દેવગઢ બારીયા ના સેવાનિયા ગામે રોડ પર સામેથી આવી રહેલી જીજે–૩૪–એફ–૦૨૦૫ નંબરની એચ.એફ ડીલક્ષ મોટરસાયકલને સામેથી જોશભેર ટક્કર મારી પોતાની ગાડી સ્થળ પર જ મૂકી નાસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં છોટાઉદેપુર જીલ્લાના દુણ ગામના હોળી ફળિયામાં રહેતા એચ એફ ડિલક્સ મોટરસાયકલ ના ચાલક ૫૦ વર્ષીય ભોદીભાઈ રૂપસિંગ ભાઈ રાઠવાને માથામાં કપાળના ભાગે તથા શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ થતાં તેઓને સારવાર માટે દેવગઢ બારીયા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જયાં તેઓનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. આ સંબંધે છોટાઉદેપુર જીલ્લાના દુણ ગામના મરણ જનાર ભોદીભાઈ રાઠવાના પુત્ર શૈલેષભાઈ ભોદીભાઈ રાઠવાએ સાગટાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે બોલેરો ગાડીના ચાલક વિરૂદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# દે.બારીયા શહેરમાં એમ.જી.વી.સી.એલ.ના દ્વારા વીજ સપ્લાય બંધ કરાતા મામલતદાર ઓફિસમાં દિવસે અંધારપટ છવાયો ???

દે.બારીયા,

દે. બારીયા આખા શહેરમાં તા.૦૯/૦૯/૨૦૨૬ના મંગળવારે વીજ કંપનીના દ્વારા મેન્ટનન્સ કાર્ય કરવા માટે વિજ પ્રવાહ બંધ કરાયો હતો. ચાર કલાક ફરી વિજ પ્રવાહ બહાર કરાતા મામલતદાર કચેરીના અગત્યના કાર્ય થઈ શકયાન હતા. જેથી આગલા દિવસે ધરમના ધકકા ખાવાનો વારો આવ્યો છે. મામલતદાર કચેરીમાં અંધારપટ છવાયેલો હતો. કારણ ઓફિસમાં જનરેટર કન્ડમ થઈ ગયો છે. તો નવો લાવવા માટેની તજવીજ કોણ હાથ ધરશે તે યક્ષ પ્રશ્ન છે ?

પ્રાપ્ત માહિતી અનુસાર વિજ કંપનીના દ્વારા દર મંગળવારે વિજ પુરવઠો મેન્ટનન્સ કાર્ય કરવા માટે બંધ કરાય છે. પરંતુ રાજમહેલ રોડ તરફ મામલતદાર કચેરીનો પણ વિજ પુરવઠો બંધ કરાયો. ઝાડી ઝાંખરા, લીલોતરા વેલા વીજ ડીપી પર પહોંચી ગયા હોય તેની સાફ સફાઈ કરી રહ્યા હતા, પરંતુ અગત્યની ઓફિસનો કાર્ય ઠપ થઈ ગયો હતો. આમ જનતાને ફરી આવવાનો અને ધરમના ધકકા ખાવાનો વારો છે. જો મામલતદારમાં જનરેટર કાર્યરત કરવામાં આવે તો તેમના તમામ વિકાસના કાગળો બની ગયા હોત જેથી અગત્યની ઓફિસમાં નવા જનરેટર લાવવાની તજવીજ હાથ ધરાશે ખરી ? વિકસીત ભારતમાં અગત્યની ઓફિસમાં અંધારપટ છવાય તે યોગ્ય નથી.



# દાહોદની પંકજ સોસાયટીમાં રમાતા શ્રાવણીયા જુગાર પર દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસનો દરોડો

દાહોદ,

ગત મોડી રાતે દાહોદની પંકજ સોસાયટીમાં ઓટલા ઉપર ખુલ્લી જગ્યામાં પત્તા–પાના વડે પૈસા ઉપર હારજીતના રમાઈ રહેલા શ્રાવણીયા જુગાર પર દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસે ઓચિંતો છાપો મારી પાંચ જેટલા ખેલીઓને રૂપિયા ૬૨,૫૮૦/–ની રોકડ તથા પત્તાની કેટ સાથે પકડી પાડી જેલના સળિયા પાછળ મોકલી આપ્યાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. દાહોદ પંકજ સોસાયટીમાં સરકારી અનાજના ગોડાઉનની પાછળ રહેતા વૈભવ કનુભાઈ પરમારના ઘરની આગળના ભાગે ઓટલા ઉપર ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પત્તા પાના વડે રૂપિયા પર હારજીતનો શ્રાવણીયો જુગાર રમતા હોવાની ગુપ્ત બાતમી દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસને મળી હતી. જે બાતમીને આધારે દાહોદ ટાઉન પોલીસ ની ટીમ ગત મોડી રાતના દોઢેક વાગ્યાના સુમારે બાતમીમાં દર્શાવેલ જગ્યાએ ઓચિંતો દરોડો પાડી જુગાર રમી રહેલા ખેલીઓ ને ચારે બાજુઓથી ઘેરી લીધા હતા અને શ્રાવણીયો જુગાર રમી રહેલા પંકજ સોસાયટીમાં રહેતા પિયુષભાઈ જગદીશભાઈ પરમાર, દાહોદ તાલુકાના ભંભોરી ગામના લબાના ફળિયામાં રહેતા મહેન્દ્રભાઈ છત્રસિંહ બાસી, દાહોદ રામનગર સોસાયટી, ગોદી રોડ ખાતે રહેતા કમલેશકુમાર વસંતલાલ સોલંકી, આશિષકુમાર હિંમતલાલ ડાભી તથા પંકજ સોસાયટીમાં સરકારી અનાજના ગોડાઉનની પાછળ રહેતા વૈભવ કનુભાઈ પરમારને પકડી પાડ્યા હતા. અને પકડાયેલા ઉપરોક્ત પાંચે જણાની અંગઝડતી લઈ, અંગ ઝડતીમાંથી તેમજ દાવ પરના મળી કુલ રૂપિયા ૬૨,૫૮૦/–ની રોકડ તથા સ્થળ પરથી પત્તાની કેટ નંગ–૧ પકડી પાડી કબજે લઈ પકડાયેલા ઉપરોક્ત પાંચે જણા વિરૂદ્ધ જુગારનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી જેલના સળિયા પાછળ મોકલી આપ્યા છે.

# દે.બારીયા નગર પાલિકાની એજન્સી રાત્રી સફાઈના શ્રીગણેશ કરશે પણ ખરી ???

દે.બારીયા,

દે. બારીયા શહેરમાં છેલ્લા ખાસા સમયથી રાત્રી સફાઈ બંધ કરી દેવામાં આવી છે. જેથી રાત્રીમાં મુખ્ય રોડ સર્કલ બજાર થી સમડી સર્કલ સુધી રાત્રી સફાઈ બહાર કરાશે ખરી ? અને પાલિકાની તમામ કમીટી રચાશે ખરી ? એજન્સીઓ પોતાની ફરજમાં આવતું ટેન્ડર મુજબનું કાર્ય કરશે ખરી ?મળતી માહિતી અનુસાર ૮ દિવસથી ડોર ટુ ડોર કચરા કલેકશનના કર્મીઓ કચરો કલેકશનના માટે આવતા નથી. મકડદમને આ બાબતે પૂછપરછ કરવામાં આવે તો જણાવે છે કે, માણસો આવતા નથી. જાહેર ઉકરડા ડમ્પીંગ સાઈડિ ઠાલવવામાં આવતા નથી. એજન્સી હાલમાં એક જ ટ્રેકટરનો ઉપયોગ કરે છે. ટેન્ડરની શરતો અનુસાર વાહનો અને પુરતા કર્મીઓ મુકે તેવી શહેરીજનોની માંગ ઉઠવા પામી છે. ધર્મ પ્રેમી જનતા સ્વચ્છતા માટે આવતી ગ્રાન્ટનો સદ્ઉપયોગમાં વાપરવામાં આવે હાલના મહિનાઓમાં નવી ગ્રાન્ટો ગતિશીલ સરકારે ફાળવી છે. તેમાંથી ૩ કરોડ જેટલી રકમ નાના તળાવની સ્વચ્છતા અને સુંદરતા માટે વાપરવા માટે પાલિકાની કમીટીઓની રચના કરવામાં આવશે તો વિકાસના કાર્યોને વેગવંતુ બનાવાશે.

# વિકાસની સાથે ધાર્મિક આસ્થાને પણ પ્રાધાન્ય : વોર્ડ નં.૪ના કાઉન્સિલરો દ્વારા ૧૭૦ મહિલાઓ માટે પીઠ મહાદેવની ભક્તિમય યાત્રાનું આયોજન

**હર હર મહાદેવના નાદ સાથે બે બસમાં નીકળી ધાર્મિક યાત્રા, ભજન–કીર્તન અને અંતાક્ષરીથી યાત્રામાં જામ્યો ભક્તિ અને આનંદનો માહોલ**

ઝાલોદ,

શ્રાવણ માસ એટલે ભગવાન ભોળાનાથની ભક્તિ અને આરાધનાનો પવિત્ર મહિનો. ત્યારે ઝાલોદ નગરપાલિકાના વોર્ડ નં. ૪ના કાઉન્સિલરો દિનેશ પંચાલ અને ખુશ્બુબેન દિગપાલ વસૈયા દ્વારા પોતાના વોર્ડના નાગરિકો માટે વિકાસકાર્યોની સાથે ધાર્મિક આસ્થાને પણ પ્રાધાન્ય આપતા અંદાજીત ૧૭૦ જેટલી મહિલાઓને બે બસ મારફતે પીઠ મહાદેવના દર્શન કરાવવા ધાર્મિક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઝાલોદથી સવારે અંદાજીત ૧૦:૩૦ કલાકે નાળિયેર વધેરી યાત્રાનો ગણેશ કરવામાં આવ્યો હતો. બસમાં સવાર મહિલાઓએ હર હર મહાદેવ અને જય ભોળાનાથના જયઘોષ સાથે યાત્રાનો પ્રારંભ કર્યો હતો. સમગ્ર યાત્રા દરમિયાન ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું.

– ભજન–કીર્તન અને અંતાક્ષરીથી યાત્રામાં ઉમંગ : યાત્રા દરમિયાન મહિલાઓ દ્વારા ભજન–કીર્તન તેમજ અંતાક્ષરી સહિતની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેના કારણે ધાર્મિક યાત્રા સાથે આનંદ અને ઉત્સાહનો માહોલ પણ જોવા મળ્યો હતો.

ઝાલોદથી સંતરામપુર થઈ કડાણા વિસ્તાર તરફ આગળ વધતા રાજસ્થાન બોર્ડર નજીક પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે પીઠ મહાદેવનું પવિત્ર મંદિર આવેલું છે. ઝાલોદથી અંદાજીત ૮૦ કિલોમીટર જેટલા અંતરે આવેલા આ પવિત્ર ધામે પહોંચીને યાત્રિકોએ ભગવાન ભોળાનાથના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

માન્યતા મુજબ પીઠ મહાદેવનું મંદિર સ્વયંભૂ હોવાનું માનવામાં આવે છે અને અહીં શ્રદ્ધાપૂર્વક દર્શન કરવાથી ભક્તોની મનોકામનાઓ પૂર્ણ થાય છે તેવી આસ્થા યાત્રાળુઓમાં જોવા મળે છે.

– બાળકો માટે પણ મનોરંજનની વ્યવસ્થા : પીઠ મહાદેવ ખાતે પહોંચ્યા બાદ મહિલાઓ સહિત યાત્રામાં જોડાયેલા સૌએ ભગવાન શિવના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. બાળકો માટે રમતો અને રમતગમતની પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

યાત્રિકો માટે ચા–નાસ્તા ઉપરાંત જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સમગ્ર આયોજન દરમિયાન યાત્રિકોની સુવિધા અને જરૂરી



વ્યવસ્થાઓનું ખાસ દયાન રાખવામાં આવ્યું હતું.

– કાઉન્સિલર દિનેશ પંચાલનું નિવેદન : દિનેશ પંચાલે જણાવ્યું હતું કે, વોર્ડના વિકાસકાર્યો કરાવવાની અમારી જવાબદારી છે, પરંતુ વિકાસની સાથે નાગરિકોની લાગણી, આસ્થા અને સામાજીક જરૂરિયાતોને સમજવી પણ એટલી જ મહત્વની છે. શ્રાવણ માસ ભગવાન શિવની ભક્તિનો પવિત્ર સમય હોવાથી વોર્ડની બહેનોને પીઠ મહાદેવના દર્શનનો લાભ મળે અને સૌ સાથે મળીને ધાર્મિક યાત્રાનો આનંદ માણે તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં પણ વોર્ડના નાગરિકો માટે જરૂરી સેવાકીય અને સામાજીક પ્રવૃત્તિઓ સતત કરતા રહીશું.

– કાઉન્સિલર ખુશ્બુબેન દિગપાલ વસૈયાનું નિવેદન : ખુશ્બુબેન દિગપાલ વસૈયાએ જણાવ્યું હતું કે, મહિલાઓને પોતાના રોજિંદા જીવનની વ્યસ્તતા વચ્ચે ધાર્મિક સ્થળે જઈ ભગવાનના દર્શન કરવાનો અવસર મળે અને બહેનો એકબીજા સાથે આનંદપૂર્વક સમય પસાર કરી શકે તે હેતુથી આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ બહેનોના ચહેરા પર જોવા મળેલો આનંદ અમારા માટે સૌથી મોટી ખુશીની વાત છે. સમાજ અને વોર્ડની બહેનો માટે આવા સેવાકીય અને ધાર્મિક કાર્યક્રમો યોજતા રહેવાની અમારી ભાવના છે.

– પ્રિયા દેસાઈ યાત્રાળુ મહિલાઓએ વ્યક્ત કર્યો આનંદ : યાત્રામાં જોડાયેલી મહિલાઓએ જણાવ્યું હતું કે, પીઠ મહાદેવના દર્શન કરવાની અમને ખૂબ ઇચ્છા હતી, પરંતુ અનેક વખત સમય અને અન્ય કારણોસર જઈ શકાતું નહોતું. કાઉન્સિલરો દ્વારા અમારા માટે બે બસની વ્યવસ્થા કરી ધાર્મિક યાત્રાનું આયોજન કરવામાં આવતા અમને પરિવાર સાથે યાત્રા પર આવ્યા હોય તેવી લાગણી થઈ. રસ્તામાં ભજન–કીર્તન અને અંતાક્ષરીથી ખૂબ આનંદ આવ્યો તેમજ પીઠ મહાદેવના દર્શન કરીને મનને શાંતિ અને ધન્યતા મળી છે. આવા સેવાભાવી આયોજન બદલ બંને કાઉન્સિલરોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

મહિલાઓએ વધુમાં ભગવાન ભોળાનાથને પ્રાર્થના કરી હતી કે, ભગવાન ભોળાનાથ બંને કાઉન્સિલરોને સમાજસેવા અને જનસેવાના કાર્યો કરવાની વધુ શક્તિ આપે અને તેઓ વોર્ડના વિકાસ સાથે લોકોની સેવા માટે સતત કાર્યરત રહે. આમ, વોર્ડ નં. ૪ના કાઉન્સિલરો દ્વારા વિકાસની સાથે ધાર્મિક આસ્થા, સેવા અને જનસંપર્કનો સુંદર સમન્વય સાધતી પીઠ મહાદેવની આ યાત્રા મહિલાઓ માટે યાદગાર બની રહી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 30, No.16

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા તાલુકાના રતનપુર કાંટડી નર્મદા કેનાલ માંથી મળેલ અજાણ્યા મૃતદેહને ગોધરા પાલિકાના કચરાના ટ્રેક્ટરમાં મૃતદેહ સ્મશાને લઈ જવાયો

ગોધરા,

ગોધરા નગરપાલિકાની બેદરકારી સામે આવી છે. રતનપુર કાંટડી ગામ પાસે નર્મદા કેનાલમાંથી એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો હતો. આ મૃતદેહને અંતિમ સંસ્કાર માટે લઈ જવા પાલિકાના કર્મચારીઓએ શવવાહિનીને બદલે કચરો ઉપાડવાના ટ્રેક્ટરનો ઉપયોગ કર્યો હતો.



ગત ૨ સપ્ટેમ્બરના રોજ ગોધરા તાલુકાના રતનપુર કાંટડી ગામ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાંથી આ મૃતદેહ મળ્યો હતો. મૃતક પુરૂષની ઉંમર આશરે ૪૫ વર્ષ હોવાનું અનુમાન છે અને તે અર્ધનાગ્ન હાલતમાં હતો.

મૃતદેહના વાલીવારસ ન મળતા કાંકણપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. મૃતદેહને ઓળખ માટે ગોધરા સિવિલ હોસ્પિટલના કોલ્ડ રૂમમાં રાખવામાં આવ્યો હતો.

ગોધરા નગરપાલિકાના ઈનચાર્જ ચીફ સેનેટરી ઈન્સ્પેક્ટર રેહલ માલવીએ જણાવ્યું હતું કે, અજાણી વ્યક્તિની દફનવિધિ માટે નગરપાલિકા પાસે શવવાહિની સહિતની તમામ સુવિધા છે. તેમ છતાં મૃતદેહને કચરાના ટ્રેક્ટરમાં લઈ જવાનો મામલો સામે આવ્યો છે. આ મામલે જે કોઈ કર્મચારી સંકળાયેલા હશે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

નિયમ પ્રમાણે, જ્યારે મૃતદેહની ઓળખ ન થાય ત્યારે સરકારી તંત્ર દ્વારા સન્માનપૂર્વક અંતિમ સંસ્કાર કરવાના હોય છે. જોકે, ગોધરા નગરપાલિકાના સફાઈ કર્મચારીઓએ આ મૃતદેહને પોસ્ટમોર્ટમ રૂમથી શ્મશાન ગૃહ સુધી કચરાના ટ્રેક્ટરમાં લઈ જઈને નિયમોનો ભંગ કર્યો હતો.

અજાણ્યા મૃતદેહોની સેવા કરતા ગોધરાના સામાજીક કાર્યકર અતુલભાઈ ઠક્કરે આ ઘટનાને અમાનવીય ગણાવી હતી. તેમણે પાલિકા તંત્ર સામે નારાજગી વ્યક્ત કરી હતી.

આ મામલો સામે આવતા ગોધરા નગરપાલિકાના ઈનચાર્જ ચીફ સેનેટરી ઈન્સ્પેક્ટરે તેની નોંધ લીધી છે. તેમણે કસૂરવાર કર્મચારીઓ સામે કાયદેસરના પગલાં ભરવાની ખાતરી આપી છે.

# દાઉદ્રા ગ્રામ પંચાયતમાં સામાન્ય સભા-ગ્રામસભા ન બોલાવાતા સદસ્યોમાં રોષ, જીલ્લા કચેરી બાદ હવે કોર્ટના દરવાજે ન્યાયની લડાઈ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના દાઉદ્રા ગામમાં ગ્રામ પંચાયતની કામગીરીને લઈને વિવાદ વધુ વકર્યો છે. ગ્રામ પંચાયતની સામાન્ય સભા તેમજ ગ્રામસભા નિયમિત રીતે ન બોલાવવામાં આવતી હોવાના આક્ષેપો સાથે પંચાયતના સદસ્યોએ જીલ્લા કક્ષાએ લેખિત રજૂઆત કરી હતી. જોકે, રજૂઆત બાદ પણ કોઈ સંતોષકારક પરિણામ કે તપાસ ન થતાં હવે અરજદારોએ કોર્ટનો સહારો લેવાનો નિર્ણય કર્યો છે.

અરજદારોના જણાવ્યા મુજબ, જીલ્લા કક્ષાના અધિકારીઓ સમક્ષ લેખિત રજૂઆત કરવા છતાં મામલે કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે જીલ્લા કચેરીમાંથી ન્યાય નહીં મળ્યાનો આક્ષેપ કરી પંચાયતના સદસ્યોએ બેઠક યોજી અને સર્વાનુમતે કાનૂની કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય કર્યો હોવાનું જણાવાયું છે.

– સદસ્યોના મંતવ્ય વિના પંચાયત કેવી રીતે ચાલે?

દાઉદ્રા ગ્રામ પંચાયતના કેટલાક સદસ્યો અને ગ્રામજનોના આક્ષેપ મુજબ, ચૂંટાયેલા સદસ્યોના મંતવ્યોને પૂરતું મહત્વ આપવામાં આવતું નથી અને સામાન્ય સભા કે ગ્રામસભા ન બોલાવાતા ગ્રામજનોના પ્રશ્નો અને રજૂઆતોને યોગ્ય મંચ મળતો નથી.

આક્ષેપો તો ત્યાં સુધી થઈ રહ્યા છે કે સરપંચ અને તલાટી–કમ–મંત્રીના મેળાપીપણાના કારણે પંચાયતનું વહીવટીતંત્ર એકહથ્થું બની ગયું છે, જેના પરિણામે ગામના વિકાસના કામો અટકી રહ્યા છે અને સરકારી કામોમાં ગેરરીતિ થતી હોવાની લોકબૂમ ઉઠી રહી છે.

વિકાસના કામોમાં ગેરરીતિના આક્ષેપો ગ્રામજનોના જણાવ્યા પ્રમાણે, પંચાયતની કામગીરીમાં પારદર્શિતા જળવાય અને વિકાસના કામોની યોગ્ય ચર્ચા થાય તે માટે સામાન્ય સભા અને ગ્રામસભા મહત્વપૂર્ણ છે. પરંતુ સભાઓ નહીં મળતી હોવાના આક્ષેપોને કારણે પંચાયતના ચૂંટાયેલા સદસ્યો તેમજ ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

આ સમગ્ર મામલે જીલ્લા વિકાસ અધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી હોવા છતાં તપાસ કે સંતોષકારક જવાબ ન મળ્યાનો અરજદારોનો આક્ષેપ છે. જીલ્લા કચેરી બાદ હવે કોર્ટમાં આરપારની લડાઈજીલ્લા સ્તરે રજૂઆત કર્યા બાદ પણ પ્રશ્નનું નિરાકરણ ન આવતા હવે અરજદાર પંચાયત સદસ્યો કોર્ટમાં જવાની તૈયારીમાં છે. અરજદારોનું કહેવું છે કે જ્યારે વહીવટી તંત્રના દરવાજે ન્યાય ન મળે ત્યારે કાયદાકીય માર્ગ અપનાવવો જ અંતિમ વિકલ્પ બચે છે.

હવે દાઉદ્રા ગ્રામ પંચાયતના આક્ષેપો અંગે કોર્ટમાં શું કાર્યવાહી થાય છે અને પંચાયતની કામગીરી અંગે કોઈ તપાસના આદેશ થાય છે કે નહીં તેના પર સૌની નજર મંડાઈ છે.

# મોરવા(હ)ના નાગલોદ ગામે દિપડાને પકડવા મુકાયેલ પાંજરે દિપડો પુરાતા વન વિભાગ દ્વારા દિપડાને રેસ્કયુ સેન્ટર ખસેડતા ગ્રામજનોમાં હાશકારો



મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના નાગલોદ ગામમાં દિપડો દેખાતા વન વિભાગ દ્વારા ત્રણ પાંજરા ગોઠ્વામાઃ આવ્યા હતા. વન વિભાગ દ્વારા મુકવામાં આવેલ પાંજરામાં આખરે એક દિપડો પાંજરે પુરાતા સ્થાનિક રહિશોને આર્થિક રાહતનો શ્વાસ લીધો છે.

મોરવા(હ) તાલુકાના નાગલોદ ગામે પગી ફળીયામાં રહેણાંક મકાનની છત પર દિપડાએ અડીગો જમાવ્યો હતો. તેમજ દિપડાની અવર જવર રહેણાંક વિસ્તારમાં વધાત ગ્રામજનોમાં ભયનો માહોલ ઉભો થવા પામ્યો હતો અને દિપડાને લઈ ગ્રામજનો રાતના ઉજાગરા કરવા મજબુર બન્યા હતા. ખેડુતો સીમમાં ખેતરોમાં જવાનું ટાળી રહ્યા હતા. સ્થાનિક ગ્રામજનો દ્વારા દિપડા દ્વારા કોઈ જાનહાનિ થાય તે પહેલા દિપડાને પાંજરે પુરવા માટે વન વિભાગને રજુઆત કરાઈ હતી. વન વિભાગ દ્વારા નાગલોદ વિસ્તારમાં ત્રણ જેટલા પાંજરા ગોઠવવામાં આવ્યા હતા. નાગલોદ ગામની સીમમાં ગોઠવવામાં આવેલ પાંજરામાં આખરે એક દિપડો પાંજરે પુરાયો હતો. દિપડો પાંજરે પુરતા સ્થાનિક રહિશોએ આંશિક રાહત અનુભવી રહ્યા છે. પાંજરે પુરાયેલા દિપડાને વન વિભાગ દ્વારા રેસ્કયુ સેન્ટર ખાતે લઈ જવાની વ્યવસ્થા કરાઈ હતી. ટ્રેકટરમાં લઈ જવાતા પાંજરે પુરેલા દિપડાને જોવા માટે આખું ગામ ઉમટી પડયું હતું.

# ગોધરામાં પર્યુષણ પર્વ પહેલાં જૈન દેરાસર વિસ્તારમાં સાફ સફાઈ અને ખાડાઓ પુરવાની કામગીરી શરૂ



ગોધરા,

ગોધરાના વોર્ડ નંબર–૫ માં પર્યુષણ પર્વને ધ્યાનમાં રાખીને નગરપાલિકાએ વિશેષ સફાઈ અભિયાન શરૂ કર્યું છે. જૈન દેરાસર વિસ્તારમાં સફાઈ અને ખાડા પૂરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આગામી દિવસોમાં વોર્ડ નંબર–૫ માં આવેલા જૈન દેરાસર ખાતે પવિત્ર પર્યુષણ પર્વની ઉજવણી થશે. આ સાત દિવસના ધાર્મિક તહેવારને ધ્યાનમાં રાખીને નગરપાલિકાએ આસપાસના વિસ્તારોમાં સઘન સફાઈ ઝુંબેશ ચલાવી છે.તંત્ર દ્વારા વિસ્તારમાં સફાઈ, ગટર સફાઈ, જંતુનાશક દવાઓનો છંટકાવ અને રસ્તા રિપેરિંગ સહિતની કામગીરી શરૂ કરવામાં આવી છે.

આ કામગીરીનું નગરપાલિકાના ઉપપ્રમુખ ઈશાંત સોનીએ રૂબરૂ નિરીક્ષણ કર્યું. તેમને જ્યાં પણ નાની–મોટી ખામી દેખાઈ, ત્યાં સંબંધિત વિભાગને જાણ કરીને ટીમને કામ પર લગાડી. તહેવાર દરમિયાન શ્રદ્ધાળુઓને કોઈ અગવડ ન પડે તે માટે આ પગલાં લેવાયા છે. બધા રસ્તાઓની સાફ–સફાઈ સાથે ખાડા પૂરીને તેમને વ્યવસ્થિત કરવામાં આવ્યા છે. આનાથી ભકતો સરળતાથી દર્શન અને આરાધના કરી શકશે.

# શહેરાની શારદા મંદિર હાઈસ્કૂલમાં ઉત્સાહભેર ઉજવાયો ‘સ્વશાસન દિન’: વિદ્યાર્થીઓએ સંભાળ્યું શાળાનું સંચાલન

શહેરા,

શહેરા શારદા મંદિર હાઈસ્કૂલ ખાતે શિસ્ત, જવાબદારી અને નેતૃત્વના ગુણોનું સિંચન કરવાના હેતુથી સ્વશાસન દિન ની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ દિવસે શાળાના વિદ્યાર્થીઓએ સ્વયં શિક્ષક અને પ્રિન્સિપાલ બની સમગ્ર શાળાનું વહીવટી તથા શૈક્ષણિક સંચાલન સંભાળીને એક અનોખો અનુભવ મેળવ્યો હતો.શહેરા નગર વિસ્તારમાં આવેલી શારદા મંદિર હાઈસ્કુલ માં સ્વશાસન દિનની ઉજવણી કરાઈ હતી.અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શિક્ષકો જેવા જ વેશભૂષા અને તૈયારીઓ સાથે શાળાએ પહોંચ્યા હતા. વર્ગખંડોમાં જઈને તેમણે પોતાના જ સહપાઠીઓને વિવિધ વિષયોનું રોચક રીતે શિક્ષણ આપ્યું હતું. શિક્ષકની ભૂમિકા ભજવતા વિદ્યાર્થીઓમાં એક અલગ જ આત્મવિશ્વાસ અને ખુશી જોવા મળી હતી. દિવસ દરમિયાન સમયપત્રક મુજબ વર્ગો ચલાવવાથી લઈને શાળાની શિસ્ત જાળવવા સુધીની તમામ કામગીરી વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક નિભાવી હતી.વિદ્યાર્થીઓએ શાળાના આચાર્ય દીપ્તિબેન પાઠક અને શિક્ષકગણના ભાવપૂર્વક ચરણ સ્પર્શ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય દીપ્તિબેન બેન પાઠક તથા શિક્ષકોએ એક દિવસ માટે આચાર્ય અને શિક્ષકો બનેલ વિદ્યાર્થીઓને શિક્ષક દિનનું સાચું મહત્વ, ગુરૂ–શિષ્ય



પરંપરા અને સમાજ નિર્માણમાં શિક્ષકની ભૂમિકા વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. એક દિવસ માટે શિક્ષક અને આચાર્ય બનેલા વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો અને પ્રતિભાવો શાળા પરિવાર સમક્ષ રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષકની જવાબદારી કેટલી મહત્વપૂર્ણ અને પડકારજનક હોય છે તેનો આજે પ્રત્યક્ષ અનુભવ થયો હતો. શાળા સંચાલન અને વિદ્યાર્થીઓ દ્વારા દર્શાવવામાં આવેલા ઉત્સાહથી સમગ્ર શાળા પરિવાર આનંદિત થયો હતો.

# ઓનલાઈન યોગ વેબિનારનું ગોધરા સબ જેલ ખાતે આયોજન કરવા બાબત

ગોધરા,

તા.૦૮/૦૯/૨૦૨૬ના રોજ અત્રેની ગોધરા સબ જેલ ખાતે જેલોના વડા .ડી.જી.પી. ડો.કે.એલ.એન.રાવ તથા નાયબ પોલીસ મહાનિરીક્ષક સરોજ કુમારી (વડોદરા ઝોન) માર્ગદર્શન મુજબ તેમજ જીલ્લા કાનુની સેવા સતા મંડળના સેક્રેટરી જે.એન.શાહ તથા ગોધરા સબ જેલના અધિક્ષક આર.બી મકવાણા ની સુચના અનુસાર ગુજરાત રાજય યોગ બોર્ડ (ગુજરાત સરકાર) દ્વારા ઓનલાઈન યોગ વેબિનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના Yoga for 365 Days સંકલ્પને જન–જન સુધી પહોચાડવાના ઉદેશ્ય સાથે તેમજ યોગ સેવક શીશપાલ ચેરમેન તરફથી પંચમહાલ, દાહોદ, ખેડા અને મહીસાગર જીલ્લામાં ઓનલાઈન યોગ વેબિનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ વેબિનારમાં ઝોન કોરઓડીનેટર પીન્કીંબેન મેકવાલના સહયોગથી તથા જીલ્લા કોરઓડીનેટર સોનલ પરીખ તથા સોનલ દરજી તથા તેમની જીલ્લાની યોગ બોર્ડની ટીમ તથા સામાજીક કાર્યકરો હાજર રહેલ હતા. તેમજ ગોધરા જેલના સ્ટાફના કર્મચારીઓ તથા ગોધરા જેલમાં આવેલ તમામ બંદિવાન ભાઈઓ/બહેનોએ પોતાની બેરેકમાં ટેલીવિઝનના માધ્યમથી આ વેબિનારમાં જોડાયા હતા. જેમાં યોગસેવક શીશપાલ દ્વારા યોગનું મહત્વ અને યોગને દૈનીક જીવનમાં અભિન્ન ભાગ બનાવવો યોગ અને સંતુલીત આહાર દ્વારા શારીરીક અને માનસીક સ્વાસ્થ અંગે જાગૃતી લાવવા અને સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રેરીત કરવાનો શુભ સંદેશ આપવામાં આવેલ હતો. તેમજ ચેરમેન તરફથી તમામ લોકોને યોગ, આહાર, આરોગ્ય અને સફળ જીવનશૈલી અંગે વ્યહવારૂ માર્ગદર્શન આપવામાં આવેલ હતું. અંતમાં જેલ પ્રશાસન તરફથી બહારથી પધારેલ તમામ મહાનુભાવોનો વેબિનારમાં જોડાવા માટે આભાર માન્યો હતો.

# પીપલોદ નજીક નાની અસાયડી ગામે હડકાયા શ્વાને ૩ લોકો પર હુમલો કરતાં ઘાયલને ગોધરા સિવિલમાં ખસેડાયા

પીપલોદ,

પીપલોદ નજીક આવેલા નાની અસાયડી ગામે એક હડકાયા શ્વાને આતંક મચાવ્યો છે. શ્વાને અચાનક હુમલો કરીને બે મહિલા અને એક પુરૂષ સહિત કુલ ત્રણ લોકોને ગંભીર રીતે ઘાયલ કર્યા છે. આ ઘટનાથી સમગ્ર ગામ અને આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ છે.

નાની અસાયડી ગામે એક હડકાયું શ્વાન અચાનક ધસી આવ્યું હતું. તેણે રસ્તા પરથી પસાર થતા અને ઘર આંગણે બેઠેલા લોકો પર હુમલો કર્યો. આ હુમલામાં રાધાબેન વિનોદ કુમાર પટેલ, કોકિલાબેન છત્રસિંગભાઈ પટેલ અને ગુના ગામના જયેશભાઈ બારિયાને શ્વાને બચકાં ભર્યા હતા, જેના કારણે તેમને ગંભીર ઈજાઓ થઈ હતી.

સ્થાનિક લોકો તરત જ દોડી આવ્યા અને ઘાયલોને વધુ હુમલામાંથી બચાવ્યા. ત્યારબાદ, તમામ ઘાયલોને સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

હડકાયા શ્વાનના આ આતંકને કારણે નાની અસાયડી અને આસપાસના ગામડાઓમાં લોકોમાં ડર ફેલાયો છે. સ્થાનિકો દ્વારા તંત્ર પાસે રખડતા અને હડકાયા શ્વાનોને તાત્કાલિક પકડવા માટે માંગ કરવામાં આવી રહી છે.

# પંચમહાલ જીલ્લા પોલીસે ઓગસ્ટ-૨૦૨૬ના માસમાં દારૂ,જુગાર ,વાહન ચોરી અને આર્મ એકટના આરોપીઓ ઝડપી પાડી પ્રસંશનીય કામગીરી કરી

ગોધરા,

પંચમહાલ જીલ્લા ગોધરા રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી, પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાત દ્વારા મિલ્કત સંબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા તેમજ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા તથા ગુમ થયેલ મોબાઈલ ફોન શોધી કાઢવા જરૂરી સુચના આપેલ હોય.પંચમહાલ જીલ્લા એલ.સી.બી., એસ.ઓ.જી., પેરોલ ફલો સ્કોર્ડના તથા પોલીસ મથકો દ્વારા મહેનત કરી કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ઓગસ્ટ–૨૦૨૬માં વાહન ચોરીના કુલ–૨૧ ગુનાઓ દાખલ થયેલ છે. જે પૈકીની વાહન ચોરીના ૧૫ ગુનાઓ અનડીટેક્ટ ગુનાઓ કરેલ છે. તેમજ પ્રોહિબીશનના કુલ –૪૮૮ કેસો શોધી કાઢેલ જેમાં દેશી દારૂ ૧૧૮૪ લીટર કિંમત રૂા.૨,૩૬,૮૦૦ અને ૩૬૦ આરોપીની અટકાયત કરવામાં આવેલ છે. વિદેશી દારૂના કુલ–૫૩ કેસો શોધી કાઢેલ છે. તેમાં વિદેશી દારૂ, બીયર મળી કુલ નંગ–૮૦,૨૫૬ કિંમત રૂા.૨,૫૫,૮૯,૮૦૬ના દારૂનો જથ્થો તેમજ ૪૧ આરોપીઓની અટકાયત કરવામાં આવેલ છે. પંચમહાલ જીલ્લામાં જુગારના ૫૬ કેસો શોધી કાઢેલ છે. જેમાં રોકડા રૂા.૫,૩૨,૯૩૫/– તેમજ અન્ય મુદ્દામાલ કિંમત રૂા. ૨,૧૪,૫૦૦/– મળી કુલ કિંમત રૂા.૭,૪૭,૪૩૫/–નો જુગારનો મુદ્દામાલ તેમજ કુલ ૨૧૪ ઈસમોની અટકાયત કરવામાં આવેલ છે. ગેરકાયદેસર હથિયાર દેશી હાથ બનાવટના તંમચો તથા જીવતા કારતુસ નંગ–૩ સાથે ત્રણ ઈસમો ઝડપી પાડવામાં આવ્યા હતા. ગૌવંશની તસ્કરી કરી હેરાફેરી કરી કત્તલ કરતા કુલ–૬ આરોપીઓ વિરૂદ્ધ ગુજસીકોટ કાયદા હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે. તેમજ જીલ્લાના તથા જીલ્લા બહારના નાસતા ફરતા ૨૧ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા. વિધ્વિ પોલીસ મથકોમાં મોબાઈલ ગુમ થયેલ મોબાઈલ ફોન કિંમત રૂા.૧૫,૫૪,૨૨૫/–ના મુદ્દામાલ તેરા તુજકો અર્પણ કાર્યક્રમનું આયોજન કરી મોબાઈલ ફોન અરજદારોને પરત કરવામાં આવ્યા હતા.

# ગોધરાના પઢીયાર ગ્રામ પંચાયતના સરપંચને હોદ્દા પરથી દુર કરવા ડી.ડી.ઓ.દ્વારા કારણદર્શક નોટિસ ફટકારાઈ

ગોધરા,

ગોધરા તાલુકાની પઢીયાર ગ્રામ પંચાયતના સરપંચ હરેન્દ્રસિંહ રામસિંહ રાઉલજી સામે સરકારી કામગીરીમાં ગંભીર ગેરરિતી, નાણાંકિય અનિયમિતતા તેમજ રોડ પર દબાણ કરવા બદલ પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૫૭ (૧)હેઠળ પદ પરથી દુર કરવા માટેની કારણદર્શન નોટિસ પાઠવવામાં આવી હતી. પઢીયાર ગામમાં આર એન્ડ બી (પંચાયત)દ્વારા બનેલા સીસી રોડ પરથી દબાણ દુર કરવા મામલે થયેલી અરજીની તપાસ બાદ ૯ પૈકી ૩ આસામીઓએ દબાણ હટાવ્યુ ન હતુ. તલાટી કમ મંત્રી દ્વારા આ અંગે બીજી નોટિસ તૈયાર કરવામાં આવી ત્યારે સરપંચે તેના પર સહી કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. વધુમાં સરપંચે પોતે પણ રસ્તા પર દબાણ કર્યુ હોવાનુ અને નોટિસ આપવા છતાં તેને દુર ન કરી ફરજમાં કસુરવાર ઠર્યા હોવાનુ તપાસમાં બહાર આવ્યુ હતુ. અરજદારની ફરિયાદ બાદ થયેલી તપાસમાં સામે આવ્યુ હતુ કે, ૧૫માં નાણાંપંચ યોજના અંતર્ગત થયેલા વિકાસ કાર્યો પેટે ઈ–ગ્રામ સ્વરાજ પોર્ટલ મારફતે નકકી કરાયેલા વેન્ડર જય માતાજી સપ્લાયર્સના ખાતામાં નાણાં ટ્રાન્સફર થયા બાદ, મજુરોના નાણાં સરપંચ હરેન્દ્રસિંહ રાઉલજીના વ્યક્તિગત ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન જય માતાજી સપ્લાયર્સના પ્રોપરાઈટર ખુદ સરપંચ પોતે હોવાનુ ખુલ્યુ હતુ. પંચાયત અધિનિયમની કલમ–૩૦ મુજબ પંચાયતના સભ્ય કે સરપંચ પંચાયતના કામોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાનો નાણાંકિય હિત સંબંધ કરાવી શકતા નથી. જે જોગવાઈનો અહિં સ્પષ્ટ પણે ભંગ થયો છે. ગોધરા તાલુકા વિકાસ અધિકારીના તપાસ અહેવાલ તેમજ કલેકટર સમક્ષ યોજાયેલા જિલ્લા સ્વાગત કાર્યક્રમની રજુઆતોને પગલે ડીડીઓ દ્વારા આ કડક કાર્યવાહી હાથ ધરાઈ છે. સરપંચને પોતાના બચાવમાં લેખિત ખુલાસો રજુ કરવા તેમજ સાઘનિક પુરાવા સાથે જિલ્લા વિકાસ અધિકારીની ચેમ્બરમાં રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા તાકિદ કરી છે. નિયત સમય મર્યાદામાં ખુલાસો નહિ મળે તો સરપંચ પદેથી દુર કરવાની એક તરફી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# હાલોલ કોઠી ફળીયામાં રહેતી ૩૦ વર્ષીય મહિલાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

હાલોલ,

હાલોલ કોઠી ફળીયામાં રહેતી ૩૦ વર્ષીય મહિલાએ પોતાના ઘરમાં કોઈ અગમ્યકારણોસર ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. હાલોલ કોઠી ફળીયામાં રહેતા નીતલબેન આકાશભાઈ પરમાર ઉ.વ.૩૦ એ તા.૬ સપ્ટેમ્બરના રોજ પોતાના ઘરમાં કોઈ અગમ્યકારણોસર ઓઢણી વડે ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવી નાખેલ હોય આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# કાલોલ તાલુકાના સુરેલી ગામેથી રૂા.૧.૧૩ લાખના લીલા ગાંજાના છોડ સાથે આરોપીને એસ.ઓ.જી.એ ઝડપ્યો

કાલોલ,

કાલોલ તાલુકાના સુરેલી ગામ રહેતા આરોપીએ પોતાના ખેતરમાં લીલા ગાંજાના છોડીનું વાવેતર કરેલ છે. તેવી બાતમના આધારે એસ.ઓ.જી. પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૨.૨૬૦ કિલો ગ્રામ વજનના રૂા.૧,૧૩,૦૦૦/–નો મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.

કાલોલ તાલુકાના સુરેલી ગામે રહેતા કિરણસિંહ શંકરસિંહ ચૌહાણે પોતાના કબ્જા ભોગવટાના ખેતરમાં લીલા ગાંજાના છોડનું વાવેતર કરેલ છે. તેવી બાતમીના આધારે પંચમહાલ એસ.ઓ.જી. પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ખેતરમાં વાવેતર કરેલ લીલા ગાંજાના છોડ નંગ–૫ વજન ૨.૨૬૦ કિલો ગ્રામ કિંમત રૂા.૧,૧૩,૦૦૦/–નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. આરોપી કિરણસિંહ ચૌહાણ વિરૂદ્ધ એન.ડી.પી.એસ. એકટ મુજબ વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા ભુરાવાવ ચોકડી પાસે સામાન્ય બાબતે ઝગડો કરી કાચની બોટલ છુટી મારતા એક વ્યકિતને ઈજાઓ પહોંચતા ફરિયાદ

ગોધરા,

ગોધરા ભુરાવાવ ચોકડી શિવ શકિત પાર્લરની ઉપરના ભાગે આવેલ ગોડાઉનની સીડીઓની સામે આવેલ ભાઈ રફ પુંઠા નીચે ઉતારતો હોય ત્યારે આરોપીએ ઝગડો કરી આરોપીએ પોતાની દુકાનની બાજુમાં કેરેટ માંથી ઠંડા પાણીની કાચની બોટલ છુટી મારવા જતાં ફરિયાદીને માથામાં વગાડી ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા શહેર ભુરાવાવ ચોકડી પાસે ફરિયાદી ફરિયાદી ગોરધનભાઈ વીશનદાસ ભાગચંદાણીની દુકાનની ઉપરના ભાગે આવેલ ગોડાઉનની સીડીઓની સામે જમીન પર જુબેર રફ પૂંઠા નીચે ઉતારતી વખતે મુકેલ હતા. ત્યારે આરોપી કિશનચંદ છતારામ ઉતવાણીએ જુબેરભાઈ સાથે બોલાચાલી ઝગડો તકરાર કરતા હતા. તે વખતે ફરિયાદી અને વિનયભાઈ ત્યાં આવી જતાં આરોપીઓએ ઝગડો તરકાર કરી હતી અને આરોપી કિશનચંદ એ પોતાની દુકાનની બાજુમાં કેરેટમાં મુકેલ ઠંડા પાણીની ખાલી બોટલ ફરિયાદીને મારવા જતાં વિનયભાઈને બોટલ માથામાં વાગી જતાં ઈજાઓ પહોંચી હતી. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# જીપીએસસી ભરતી પ્રક્રિયામાં કથિત ગેરરિતી અને પક્ષપાતના આક્ષેપ સાથે ગોધરા અધિક કલેકટરને આવેદન

ગોધરા,

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓની ગુણાંકન પદ્ધતિ, પારદર્શિતા અને અનામત વર્ગો સાથે થતા કથિત અન્યાય સામે સામાજિક ક્રાંતિ અભિયાન–ગુજરાત પ્રદેશ દ્વારા પંચમહાલ જિલ્લા કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર સુપરત કરાયુ છે.

આવેદનપત્રમાં રજુઆત કરવામાં આવી છે કે, લેખિત પરીક્ષામાં ઉત્કૃષ્ઠ ગુણ મેળવનાર ઓબીસી, એસ.સી, એસ.ટી., અને લઘુમતિ સમાજના ઉમેદવારોને મૌખિક ઈન્ટરવ્યુમાં અસામાન્ય રીતે ઓછા ગુણ આપી અંતિમ પસંદગીમાંથી બહાર કરી દેવાતા હોવાની ગંભીર ફરિયાદો સામે આવી રહી છે. એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને લઘુમતિ સમાજના યોગ્ય પ્રતિનિધિત્વવાળી સ્વતંત્ર દેખરેખ સમિતિ રચવાની માંગ કરી છે. આ ઉપરાંત જયાં સુધી સમગ્ર મામલાની તટસ્થ અને સમયબદ્ધ તપાસ પુર્ણ ન થાય ત્યાં સુધી જીપીએસસી ના ચેરમેન હસમુખ પટેલના રાજીનામાંની માંગણી પણ દોહરાવાઈ છે. સંગઠને તા.૧૩ સપ્ટે.સુધીમાં સરકાર દ્વારા આ બાબતે સંતોષકારક નિર્ણય નહિ લેવાય તો તા.૧૪ મીથી ગાંધીનગર ખાતે આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.